અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year:8, Issue: 222, Dt.29-06-2023 (Thursday)

Email ; saurashtrakranti@gmail.com

saurashtrakranti

Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

સુવિચાર

"સમયની સાથે ચાલવું એટલું જરૂરી નથી પણ સત્યની સાથે ચાલવું ખૂબ જ જરૂરી છે, જો તમે સત્યની સાથે રહેશો તો એક દિવસ સમય તમારી સાથે જ ચાલશે.!!"

રાજ્યભરમાં મેઘો મંડાયોઃ દક્ષિણના જીલ્લાઓમાં બારે મેઘ ખાંગા

સુરત-તાપી-નવસારી-વલસાડ જીલ્લા ધમરોળાયાઃ અનેક ભાગોમાં જળબંબાકારની હાલતઃ હજુ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી, વલસાડ-પારડીમાં ૭-૭ ઇંચ

રાજકોટ, તા.૨૯

ગુજરાતમાં સાર્વત્રિક ભારે વરસાદની આગાહી વચ્ચે દક્ષિણના જીલ્લાઓમાં બારે મેઘ ખાંગા થયા હોય તેમ સાત ઈંચ સુધીનો ભારે વરસાદ થયો હતો. અનેક ભાગોમાં જળબંબાકારની હાલત સર્જાઈ હતી અને નાની-મોટી દુર્ઘટના સર્જાઈ હતી. હવામાન ખાતાના રિપોર્ટ પ્રમાણે છેલ્લા ચોવીસ કલાકમાં ગુજરાતના તમામ ૩૩ જીલ્લાનાં ૧૮૪ તાલુકાઓમાં હળવો-ભારે વરસાદ થયો હતો. વલસાડ જીલ્લામાં બારે મેઘ ખાંગા થયા હોય તેમ પારડીમાં સાત ઈંચ ખાબકયો હતો. વલસાડમાં પણ સાત ઈંચ વરસાદથી જળબંબાકારની હાલત સર્જાઈ હતી. આ સિવાય વરમપુરમાં સાડા ચાર ઈંચ, કપરાડામાં સાડા ત્રણ ઈંચ, ઉમરગામમાં પાંચ તથા વાપીમાં સવા પાંચ ઈંચ વરસાદ થયો હતો.સુરત જીલ્લો સતત બીજા દિવસે ભારે વરસાદમાં ધમરોળાયો હોય તેમ કામરેજમાં ૬ ઈંચ, પલસાણામાં ૬ ઈંચ, માંડવીમાં ચાર ઈંચ, બારડોલી-મહુવામાં સાડા ત્રણ ઈંચ વરસાદ નોંધાયો હતો.તાપી જીલ્લાના વાલોદમાં ૫ ઈંચ તથા સોનગઢ-વ્યારા અને દોલવનમાં ૪-૪ ઈંચ પાણી વરસ્યુ હતું. નવસારીના ખેરગામમાં મુશળધાર ૬ ઈંચ વરસાદ ખાબકયો હતો. ચીખલીમાં ૪ ઈંચ, વાંસદામાં ૩ ઈંચ પાણી વરસ્યુ હતું. ડાંગ જીલ્લામાં સાર્વત્રિક રથી૩ ઈંચ વરસાદ થયો હતો. હવામાન ખાતાના રિપોર્ટ પ્રમાણે રાજયના ૧૮૪ તાલુકાઓમાં વરસાદ થયો હતો તેમાંથી ૭૧માં ૧થી૩ ઈંચ સુધી પાણી વરસ્યુ હતું. રાજયના તમામ ૩૩ જીલ્લામાં વરસાદ હતો. આ સાથે રાજયમાં સીઝનનો ૧૭.૫૫ ટકા વરસાદ વરસી ગયો છે. ૩ તાલુકામાં તો ૨૦ ઈંચ કરતા પણ વધુ વરસાદ થઈ ગયો છે. હજુ ૩-૪ દિવસ ભારે વરસાદ થવાની શકયતા છે.ગુજરાતમાં આગામી પાંચ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. મોન્સુન ટ્રફ અને સર્કયુલર સિસ્ટમ એમ બે-બે સિસ્ટમ સક્રિય થવાથી ગુજરાતભરમાં મેઘમહેર જોવા મળી રહી છે. ભારેથી અતિભારે વરસાદની આગાહીને લઈ માછીમારોને ૫ દિવસ દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. સુરત શહેરમાં સતત ત્રીજા દિવસે વરસાદી માહોલ જામ્યો છે. આજે વહેલી સવારથી જ સુરત શહેરમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ભારે વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી છે તો બીજી તરફ છેલ્લા બે દિવસથી ધોધમાર વરસાદના કારણે શહેરના કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની સમસ્યા સામે આવી હતી. સુરતના સણીયા હેમાદ ગામમાં પાણી ભરાઈ

૨૪ કલાકમાં ગુજરાતના ૧૮૬ તાલુકામાં વરસાદ

૨૪ કલાકમાં ગુજરાતના ૧૮૬ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધારે દક્ષિણ ગુજરાતમાં પારડી અને વલસાડમાં ૭ ઇંચ વરસાદ ખાબક્યો છે. આજે પણ દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે અમદાવાદમાં સવારથી વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. શહેરના નરોડા, વિરાટનગર, કુબેરનગર સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદથી રસ્તાઓ જળબંબાકાર બની ગયા છે.

અમદાવાદમાં કડાકા ભડાકા સાથે વરસાદ

અમદાવાદમાં વહેલી સવારથી આકાશમાં કાળાં ડિબાંગ વાદળો છવાયાં હતા. શહેરના વિવિધ વિસ્તારોમાં વિજળીના કડાકા સાથે વરસાદ શરૂ થયો છે. સાબરમતી, ચાંદખેડા, જગતપુર, ગોતા, ન્યુ રાણીપ, રાણીપ, મોટેરા, નરોડા, નિકોલ, ઓઢવ, કુબેરનગર, સરદારનગર, મણિનગર, કાંકરિયા સહિતના વિસ્તારોમાં વહેલી સવારે ધોધમાર વરસાદ વરસ્યો હતો. આથી રસ્તાઓ પર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. શહેરના સરદારનગર, કોતરપુર, નરોડા સહિતના વિસ્તારોમાં એક ઇંચ જેટલો વરસાદ પડ્યો છે. ચાંદખેડા, સાબરમતી, મોટેરા વિસ્તારમાં અડધો ઇંચ જેટલો વરસાદ પડ્યો છે. આથી ઠેર ઠેર પાણી ભરાયા છે.

ઠેર ઠેર પાણી ભરાયા

અમદાવાદમાં હજી ત્રણ દિવસ સુધી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. સવારથી વરસાદ પડતાની સાથે વાતાવરણમાં ઠંડક ફેલાઈ છે. શહેરના મેઘાણીનગરમાં આવેલા ભાર્ગવ રોડ, ઓમનગર ક્રોસિંગ, કુબેરનગર સહિતના વિસ્તારોમાં પાણી ભરાયા છે. આથી ધંધા-રોજગાર માટે નિકળેલા લોકો રસ્તામાં જ ફસાયા હતા. તેમજ વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે. શાહીબાગમાં જહાંગીર વકીલ મિલની ચાલી સામે રસ્તાઓ પર પાણી ભરાયા છે.

વિદેશી રોકાણ સંબંધી નિયમોમાં પણ બદલાવ : સેબીનો નિર્ણયઃ ૧લી સપ્ટેમ્બરથી તે તબક્કે અમલી બનશે

શેરબજારમાં IPOનું લિસ્ટિંગ હવે ૩ દિવસમાં થશે

મુંબઈ.તા.૨૯

શેરબજારમાં કોઈ કંપનીનો આઈપીઓ આવે ત્યાર પછી તેના લિસ્ટિંગમાં હવે વધુ સમય નહીં લાગે. સેબીએ કરેલા નવા સુધારાના કારણે આઈપીઓ પછી માત્ર ત્રણ દિવસની અંદર શેરબજારમાં તેનું લિસ્ટિંગ થઈ જશે. હાલમાં લિસ્ટિંગમાં છ દિવસનો સમય લાગે છે. આઈપીઓના લિસ્ટિંગનો સમય ઘટાડવા માટે સેબી સમક્ષ દરખાસ્ત કરવામાં આવી હતી જેને સેબીના બોર્ડે મંજૂરી આપી દીધી છે. ઈશ્યુ બંધ થાય તે દિવસથી ત્રણ દિવસ ગણવામાં આવશે. સુધારેલો સમયગાળો બે તબક્કામાં લાગુ થશે.

સૌથી પહેલા તે ૧ સપ્ટેમ્બર ૨૦૨૩ પછી સ્વૈચ્છિક રાખવામાં આવશે અને ૧ ડિસેમ્બર ૨૦૨૩ પછી તે ફરજિયાત કરવામાં આવશે. સેબીએ સ્થાનિક બજારમાં રોકાણ કરતા હાઈ રિસ્ક ઓફશોર ફંડ્સ માટે ડિસ્ક્લોઝરની જરૂરિયાતને પણ મજબુત બનાવી છે. જે ઓફશોર ફંડ્સે તેમની એસેટના ૫૦ ટકાથી વધારે સિંગલ ગ્રુપ ઓફ કંપનીમાં રોક્યા હશે તથા જેમણે ભારતીય બજારમાં ૨૫૦ કરોડ રૂપિયાથી વધારે રોક્યા હશે તેમણે પોતાના તમામ રોકાણકારોના નામ સેબીને જણાવવા પડશે.

સરકારી માલિકીના, સોવેરિન વેલ્થ ફંડ, પેન્શન ફંડ અને પબ્લિક રિટેલ ફંડને તેમાંથી મુક્તિ આપવામાં આવશે. સેબીએ ફોરન પોર્ટફોલિયો હોલ્ડર્સ માટે ડિસક્લોઝરના નિયમોને વધારે કડક બનાવ્યા છે. તેનાથી મિનિમમ પબ્લિક શેરહોલ્ડિંગના નિયમોનો ભંગ ટાળી શકાશે. તથા ઈન્વેસ્ટમેન્ટના સંભવિત ભંગ ટાળી શકાશે. અમેરિકન શોર્ટ સેલર હિન્ડનબર્ગ દ્વારા અદાણી જૂથ સામે આરોપો કરવામાં આવ્યા પછી આ સુધારા કરવામાં આવ્યા છે.

અમેરિકા સ્થિત હિન્ડનબર્ગ રિસર્ચે આરોપ મુક્યો હતો કે, કેટલાક એફપીઆઈ અદાણી જૂથની લિસ્ટેડ કંપનીઓમાં નોંધપાત્ર હિસ્સો ધરાવે છે. જોકે, અદાણી દ્વારા આ આરોપો નકારી કાઢવામાં આવ્યા હતા. સેબીએ ડિસ્ક્લોઝરના લેવલમાં પણ ફેરફાર કર્યો છે.આજે સેબીના બોર્ડની મિટિંગ હતી જેમાં કેટલાક મહત્ત્વના પગલાં લેવાશે તેવી પહેલેથી અપેક્ષા હતી. ખાસ કરીને ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટમેન્ટ અને આઈપીઓના લિસ્ટિંગના સમયગાળા માટે નિર્ણય લેવાના હતા. અદાણી ગ્રૂપના વિવાદ પછી ડિસ્ક્લોઝરના નિયમો કડક કરવામાં આવે તેવી ઘણા સમયથી માંગણી હતી.

વિદેશમાં ક્રેડીટ કાર્ડથી ખર્ચ કરવા પર ટેકસ હવે ૧ ઓકટોબરથી લાગુ પડશે

૭ લાખથી વધુ ખર્ચ પર ટેકસ કપાશે

નવી દિલ્હી, તા.૨૯

ક્રેડીટ કાર્ડથી વિદેશોમાં ૭ લાખથી વધુ ખર્ચ કરવા પર ૨૦ ટકા ટેકસ કલેકશન એટ સોર્સ અર્થાત ટીસીએસ લગાવવાનો નિર્ણય હવે ૧ જુલાઈથી નહીં બલકે ૧ ઓકટોબરથી લાગુ પડશે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે, ઈન્ટરનેશનલ ક્રેડીટ કાર્ડથી વિદેશોમાં કરવામાં આવેલા ખર્ચને ઉદારીકૃત પ્રેષણ યોજના (એલઆરએસ) અંતર્ગત સામેલ નહીં કરવામાં આવે અને તેના પર ટીસીએસ નહીં લાગે. નાણાં મંત્રાલયે સ્પષ્ટ કર્યું હતું કે વિદેશોમાં ક્રેડીટ કાર્ડથી કરવામાં આવેલ ખર્ચ પર ટીસીએસ ત્યારે કપાશે જયારે ખર્ચ ૭ લાખ રૂપિયાથી વધારે હોય. આનો મતલબ એ થયો કે જો કોઈ ક્રેડીટ કાર્ડથી વિદેશમાં ૭ લાખ રૂપિયાથી ઓછો ખર્ચ કરે છે તો તેણે ટીસીએસ નહીં આપવું પડે. સરકારે તાજેતરમાં જ વિદેશમાં ક્રેડીટ કાર્ડથી કરવામાં આવેલ ખર્ચ પર ૧ જુલાઈ ૨૦૨૩ થી ટીસીએસ લગાવવાની જોગવાઈ કરી હતી.

ચંદ્રયાન-૩ને લોન્ચિંગ પહેલા પરીક્ષણની તમામ પ્રક્રિયાને પાર કરી લીધી

ઈસરો 'બાહુબલી' સાથે રચશે ઈતિહાસ, ચંદ્રયાન-૩ લોન્ચ થવાની તૈયારી

ભુલનું પુનરાવર્તન ન થાય તે માટે ISROની ખાસ તૈયારી



એજન્સી સમાચાર

નવિ દિલ્હી.તા.૨૯

ભારતમાં ચંદ્રયાન-૩ મિશનની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન ચંદ્રયાન-૩ને ૧૨-૧૯ જુલાઈ વચ્ચે લોન્ચ કરવામાં આવી શકે છે. ઈસરોના ચીફ એસ.સોમનાથે જણાવ્યું કે, લોન્ચની તારીખ અંગે ઘણી વાતો થઈ રહી છે. હાલ ઘણા પરીક્ષણો ચાલી રહ્યા છે અને તે પૂર્ણ થયા બાદ અંતિમ તારીખ જાહેર કરાશે. અગાઉ એવી માહિતી મળી હતી કે, ઈસરો ૧૩મી જુલાઈએ બપોરે ૨.૩૦ વાગ્યે ચંદ્રયાન-૩ લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યું છે. આ પહેલા ચીન, અમેરિકા, રશિયા તેમના અવકાશયાન ચંદ્ર પર સફળતાપૂર્વક લેન્ડ કરી ચૂક્યા છે. ખાસ વાત એ છે કે આ વખતે આ મિશન 'બાહુબલી' એટલે કે જિયોસિક્રોનસ સેટેલાઇટ લોન્ચ વ્હીકલ **MK III** ના આધારે હશે. આ ત્રીજા તબક્કાનું પ્રક્ષેપણ વાહન છે, જેને **ISRO** દ્વારા જ તૈયાર કરવામાં આવ્યું છે. તે દેશનું સૌથી ભારે લોન્ચ વ્હીકલ છે, જેને બાહુબલીનું હુલામણું નામ આપવામાં આવ્યું છે.

ISROનું આ ચંદ્ર પરનું ત્રીજું મિશન છે, તેથી તેને ચંદ્રયાન-૩ નામ આપવામાં આવ્યું છે, સૌપ્રથમ **ISRO** એ ૨૦૦૮માં ચંદ્રયાન-૧ લોન્ચ કર્યું હતું. જે ચંદ્રની ભ્રમણકક્ષા સુધી પહોંચવામાં સફળ રહ્યો હતો. ૨૦૧૯ માં, ભારતે ચંદ્રયાન-૨ સાથે બીજો પ્રયાસ કર્યો, પરંતુ ચંદ્ર પર લેન્ડર પહેલા જ રોવરમાં ખામીને કારણે આ પ્રયાસ નિષ્ફળ ગયો.

એક રીતે આ ચંદ્રયાન-૩ મિશનએ બીજા મિશનનું ફોલોઅપ છે. આમાં તે સફળતા મેળવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે જે ચંદ્રયાન-૨ના સમયે અધૂરી રહી ગઈ હતી.ઈસરોએ ૨૦૧૯માં ચંદ્રયાન-૨ મિશન લોન્ચ કર્યું હતું. તે ચંદ્ર પર પહોંચવામાં સફળ રહ્યું, ૪૭ દિવસની સફર પૂર્ણ કર્યા બાદ તેનું લેન્ડર વિક્રમ ચંદ્ર પર ઉતરવાના થોડાક કિમી પહેલા જ ખરાબ થઈ ગયું.

આ કારણોસર, લેન્ડિંગ સાઇટ સાથે સંપર્ક તૂટી જવાને કારણે **ISRO**નો પ્રયાસ નિષ્ફળ ગયો હતો. ગત વખતે થયેલી ભૂલોને ધ્યાનમાં રાખીને આ વખતે ઈસરોએ મોટા પાયે તૈયારીઓ કરી છે, એવું માનવામાં આવે છે કે આ વખતે ભારતનું અવકાશયાન ચંદ્રની સપાટી પર સફળતાપૂર્વક ઉતરાણ કરીને ઈતિહાસ રચશે.

ચંદ્રયાન-૩એ લોન્ચિંગ પહેલા પરીક્ષણ પ્રક્રિયાને પાર કરી લીધી છે, તે તમામ પરીક્ષણોમાં સફળ રહ્યું છે, ખાસ કરીને લોન્ચિંગ વ્હીકલના ઉપરના તબક્કાને ઝડપી બનાવવા માટે તેમાં સ્થાપિત ક્રાયોજેનિક **CE-20** એન્જિનનું પરીક્ષણ પણ સફળ રહ્યું છે. લેન્ડર પણ તેના ટેસ્ટમાં પાસ થઈ ગયું છે. ઈસરોએ યોજના બનાવી છે કે આ વખતે ચંદ્રયાન-૩ને ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતારવામાં આવશે. પરીક્ષણ માટે, ઈસરોએ ખાસ કરીને બેંગ્લોરથી ૨૫૦ કિમી દૂર ચલ્લાકેરે નજીક ચંદ્રની સપાટી જેવા ખાડાઓ બનાવ્યા હતા, જેમાં લેન્ડર અને રોવરને લેન્ડ કરીને પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

સામાન્ય લોકોનો પોલીસમાં વિશ્વાસ ડગી જવો જોઈએ નહીંઃ હાઈકોર્ટ

કચ્છમાં હત્યાના કેસમાં પોલીસ તપાસ સામે પ્રશ્નઃ રેન્જ આઈ.જી. એસ.પી.સહિતના ઉચ્ચ અધિકારીને હાજર કર્યા

(એજન્સી સમાચાર)

અમદાવાદ.તા.૨૯

ગુજરાત પોલીસની કામગીરીની અવારનવાર થતી ટીકા વચ્ચે ગુજરાત હાઈકોર્ટે કચ્છમાં હત્યાના એક કેસમાં કચ્છ રેન્જના આઈ.જી.-કચ્છ પુર્વના એસપી તથા એક તમામ અધિકારી પીઆઈને અદાલતમાં હાજર થવા આપેલા આદેશ બાદ તેમની હાજરીમાં અત્યંત આકરી ભાષામાં કહ્યું હતું કે એ નિશ્ચિત કરવું જોઈએ કે સામાન્ય લોકોને વિશ્વાસ પોલીસમાં ઘ્રુજી ઉઠે તેવું થવું જોઈએ નહીં પણ વધુ મજબૂત બને તે જોવાવું જોઈએ. કચ્છના એક હત્યાના કેસમાં પોલીસ તપાસમાં 'આરોપી' તરીકે જેની સામે તપાસ ચાલુ છે.

તેણે ધરપકડ સામે આગોતરા જામીન અરજી પરની સુનાવણી સમયે હાઈકોર્ટના ન્યાયમૂર્તિ નિર્ઝર દેસાઈએ વ્યકત કર્યું હતું. અદાલતના આદેશથી કચ્છ રેન્જના આઈજી જે.આર.મોથાલીયા, એસ.પી. કચ્છ

(પુર્વ) મહેન્દ્ર બગડીયા અને તપાસ અધિકારી તથા લાકડીયાના પી.આઈ. આર.આર.વસાવા હાજર રહ્યા હતા. ન્યાયમૂર્તિએ ખાસ કરીને તપાસ અધિકારી અને લાકડીયાના પીઆઈ વસાવા દ્વારા તમામ ઉપલબ્ધ પુરાવા રેકોર્ડ પર નહીં મુકવા તથા તેના આધારે ચોકકસ એંગલ પર વધુ તપાસ નહીં કરવાના વલણની આકરી ટીકા કરી હતી. ન્યાયમૂર્તિએ જણાવ્યું કે, જયારે હત્યાના કેસમાં કોઈ વ્યકિત જેલમાં જઈ શકતો હોય તો આવો કેઝયુઅલ- અભિગમ ચાલી શકે નહીં. આ તકે સરકારી ધારાશાસ્ત્રી મિતેશ અમને પોલીસ તપાસનો બચાવ કરવા પ્રયત્ન કર્યો હતો અને વધુ તપાસ માટે થોડો સમય આપવા પણ વિનંતી કરી હતી. જસ્ટીસ દેસાઈએ તેના પરથી તા.૧૦ જુલાઈ સુધી સુનામી મુલત્વી રાખી હતી. હાઈકોર્ટ સમક્ષ માહિતી અપાઈ હતી કે હવે ડીજીપી મુદ્દે આ ઈસ્યુની તપાસ કરી છે છતાં ન્યાયમૂર્તિએ પોલીસ જે રીતે અભિગમ અપનાવી રહી છે તેના પર અસંતોષ વ્યકત કર્યો હતો અને વસાવાના સસ્પેન્શન અંગે પણ પ્રશ્ન ઉઠાવ્યો હતો તથા ટીપ્પણી કરી કે શું તમારા આઈ.જી. એટલા વ્યસ્ત છે કે ડીએસપીનો ફોન પણ ઉઠાવી શકતા નથી કે ડીએસપી ખુદ આઈજીને ફોન કરતા ગભરાય છે. આ પ્રકારના આદેશ તો ફોન પર પણ આપી શકાય. આ તકે ફરી સરકારી ધારાશાસ્ત્રીએ જવાબદાર પોલીસ અધિકારી સામે યોગ્ય પગલાની ખાતરી આપી હતી તેથી હાઈકોર્ટે સંતોષ વ્યકત કર્યો કે તમારા શબ્દોમાં મને વિશ્વાસ છે પણ એ ચોકકસ જોવાવુ જોઈએ કે સામાન્ય લોકોને પોલીસમાં વિશ્વાસ ડગી જવો જોઈએ નહીં. હાઈકોર્ટે આ તકે તેમનો સંદેશ ઉચ્ચ સ્થાન સુધી પહોંચાડવાની પણ તાકીદ કરી હતી.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા

રાજકોટ-અમદાવાદ ૬ લેન પ્રોજેકટ તાત્કાલીક પૂર્ણ કરવા સરકારમાં રજૂઆત

૨૦૨૦માં જે ૬ લેન રોડનું કામ પૂર્ણ કરવાનું હતું તે ત્રણ વર્ષ પછી પણ મંદ ગતિએ ચાલતું હોવાનું દુઃખ વ્યક્ત કરતા રાજકોટ ચેમ્બર સૂત્રો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૯

રાજકોટ-અમદાવાદ ૬ લેન પ્રોજેક્ટના કાચબા ગતિએ ચાલતા કામને તાકીદે પૂર્ણ કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડ. દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત કરાઈ છે. રજુઆતમાં એક વાતનું દુઃખ વ્યક્ત કરાયું છે કે જે પ્રોજેક્ટ વર્ષ ૨૦૨૦માં પૂર્ણ કરી દેવાનો હતો તે પ્રોજેક્ટ આજે ૩ વર્ષ પછી પણ પૂર્ણ નથી થયો તે વાસ્તવિકતા સૌએ સ્વીકારવી પડે તેમ છે.

રાજ્ય સરકાર સમક્ષ કરેલી રજુઆતમાં જણાવાયું છે કે, ગુજરાત રાજયની માળખાકીય સુવિધાઓ, ઈન્ફ્રાસ્ટ્રકચર લેવલે ઝડપથી વિકાસ થઇ રહ્યો છે. ત્યારે રાજકોટથી અન્ય મહત્વના મોટા શહેરોને જોડતો રાજકોટ અમદાવાદ નેશનલ હાઈવે ૪ લેનમાંથી ૬ લેન બનાવવાનો પોજેકટ જે ખુબ જ અતિ મહત્વનો અને આવશ્યક છે.

આ પ્રોજેક્ટ ઉવર્થથી કાર્યરત છે. તેમજ આ પ્રોજેક્ટને વર્ષ ૨૦૨૦ સુધીની સમય મર્યાદામાં પૂર્ણ કરવાનો હતો તેવી જાણકારી મળી હતી. પરંતુ આ પ્રોજેકટ ખુબ જ ધીમી ગતિએ ચાલી રહયો છે અને હજુ આ અંતર્ગત ઘણું કામ બાકી લાગી રહ્યું છે. ત્યારે આ પ્રોજેકટ કયારે પુર્ણ થશે તેનો કોઈ અંદાજ ન આવતો હોવાનું રાજકોટ ચેમ્બર સુત્રોએ દુઃખ વ્યક્ત કર્યું છે.

ગુજરાતના સ્વપન સમાન આ પ્રોજેટની નિયુક્ત સમય મર્યાદામાં પૂર્તતા ના થવાથી તેમજ સમગ્ર પ્રોજેકટ અંતર્ગત કેટલાય ડાયવર્ઝન અને ખોદકામ કારણે કલાકો સુધી ટ્રાફિક જામ થવાની પણ સમસ્યા ઉદ્ભવી રહી છે.

આ નેશનલ હાઇ-વે સતત ધમધમતો હોય પ્રોજેક્ટ અંતર્ગત ડાયવર્ઝન અને ખોદકામને કારણે કલાકો સુધી ટ્રાફિક જામ થવાની સમસ્યાનો વાહન ચાલકોને સામનો કરવો પડે છે. આવી હાલાકીને કારણે લોકોને નાણા, સમય અને ઈંધણનો વ્યય થતો હોવાની ફરિયાદો ઉઠી છે.

સરકાર વાહન ચાલકો પાસેથી ટોલટેકસ ઉઘરાવે છે પરંતુ તેઓને રોડ-રસ્તાઓની આવી બિસ્માર હાલતમાંથી પસાર થવું પડે તે ખુબ પીડાદાયક હોવાનું સાબિત થઇ રહ્યું છે.

બીજીબાજુ આ ૬ લેન પોજેકટની કામગીરીની સમીક્ષા મુખ્યમંત્રીના સમય પહેલા કરી ચુકયા છે તો ફરીવાર આ પ્રોજેકટની સમીક્ષા કરીને રાજકોટ અમદાવાદ ૬ લેન જે તાત્કાલિક પુર્ણ થાય અને આ પ્રોજેક્ટ જયાં સુધી પુર્ણ ન થાય ત્યાં સુધી વાહન વ્યવહાર વિના અવરોધે ચાલુ રહે તેવી તમામ વ્યવસ્થા હાથ ધરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમીત શાહ, રોડ ટ્રાન્સપોર્ટ મંત્રી નિતીન ગડકરી, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સમક્ષ રજૂઆતો કરાઈ હોવાનું રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના જનરલ સેક્રેટરીએ જણાવ્યું છે.

ચેમ્બરની વારંવારની રજૂઆતો છતાં પરિણામ 'ઝીરો'

રાજકોટઃ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સરકારને રજૂઆત કરીને એ પણ જણાવાયું છે કે ભૂતકાળમાં ૨૦મી ફેબ્રુઆરીએ પણ સિક્સ લેન રોડનું કામ તાત્કાલિક પૂર્ણ કરવા રજૂઆત કરવામાં આવી હતી છતાં લાગતા વળગતા તંત્રએ ફરિયાદ પરત્વે આંખ આડા કાન કર્યા હોય તેવું સાબિત થતું હોવાનો આક્ષેપ કરાયો છે.

વર્ષ ૨૦૩૫ સુધીમાં રાજકોટના વિકાસની પરિકલ્પના માટે

૧ લી જુલાઈએ પ્રબુધ્ધ નાગરિકો, ઉદ્યોગકારો, લોકપ્રતિનિધિઓ સાથે ચેમ્બર ઓફ કોમર્સ યોજશે વાર્તાલાપ

રાષ્ટ્રપતિ દ્વારા ઉત્કૃષ્ટ સેવા મેડલ મેળવનાર શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવનું કરાશે અભિવાદન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૯

'૨૦૩૫નું રાજકોટનું વિઝન' એટલે કે રાજકોટનો વિકાસ કેવો હશે? તે અંગે પ્રબુધ્ધ નાગરીકો, ઉદ્યોગકારો, લાગતા વળગતા અધિકારીઓ તેમજ લોકપ્રતિનિધિઓ સાથે તા. ૧ જૂલાઇના રોજ ગ્રેટર રાજકોટ ચેમ્બર દ્વારા વાર્તાલાપનું આયોજન કરાયુ છે.

રાજકોટ શહેરના કાર્યરત પોલીસ કમીશ્નર રાજુ ભાર્ગવ **IPS** ને ભારતના રાષ્ટ્રપતિ દ્વારા ઉત્કૃષ્ટ સેવા મેડલ પ્રાપ્ત થતા તેમનું અભિવાદન કરવામાં આવશે.

આગામી તા. ૧ જૂલાઇને શનિવારના રોજ સાંજના ૬:૩૦ વાગ્યે સિઝન હોટલ, અવધ રોડ, રાજકોટ ખાતે, રાજકોટ શહેરના વિકાસ દ્વારા સને ૨૦૩૫ના વર્ષ સુધીમાં રાજકોટ કેટલુ વિકસીત થશે તે અંગે રાજકોટ શહેરના અગ્રગણ્ય પ્રબુધ્ધ નાગરીકો, ઉદ્યોગકારો અને લાગતા વળગતા ઉચ્ચ અધિકારીઓ તેમજ લોકપ્રતિનિધિઓ, લોકસભાના સભ્ય મોહનભાઇ કુંડારીયા, સાંસદસભ્ય રામભાઇ મોકરીયા તેમજ ગુજરાત રાજયના મંત્રીઓ કુંવરજીભાઇ બાવળીયા તથા ભાનુબેન બાબરીયા, રાજકોટ મનપાના મેયર પ્રદીપ ડવ તથા રાજકોટ જિલ્લાના જુદા જુદા મત વિસ્તારના ધારાસભ્યો રમેશભાઇ ટીલાળા, ઉદયભાઇ કાનગડ, ડો. દર્શીતાબેન શાહ, જયેશભાઇ રાદડીયા, પ્રકાશભાઇ વરમોરા, મહેન્દ્રભાઇ પાડલીયા વગેરે હાજર રહેશે.

તેમજ રાજકોટના વિકાસના પાયામાં કાર્યરત અધિકારીઓ પ્રભવ જોશી-**IAS** કલેકટર, રાજુ ભાર્ગવ-**IPS** કમિશનર રાજકોટ શહેર પોલીસ, આનંદ પટેલ-**IAS** મ્યુ. કમિશનર, અશોક યાદવ-**IPS DIG** રાજકોટ રેન્જ, જયપાલસિંહ રાઠોડ-**IPS** એસ.પી. રાજકોટ ગ્રુલ ડિવિઝન, એ. કે. જૈન-**IRS** ડિવિઝનલ રેલવે મેનેજર, દિગંત બોહરા- ડાયરેકટર એરપોર્ટ-એવિએશન રાજકોટ, ચીફ કમિશનર ઓફ ઈન્કમટેક્ષ, મદનમોહન-**IRS** કમિશનર **CGST**, રીધ્ધેશ રાવલ જોઇન્ટ કમિશનર **SGST** વગેરે ઉચ્ચ અધિકારીઓ ચર્ચામાં સક્રીય ભાગ લેવા હાજર રહેનાર છે.

આ તકે ગ્રેટર રાજકોટ ચેમ્બરની પ્રણાલીકા મુજબ રાજકોટ શહેરને સેવા આપનાર અધિકારીઓને જયારે ઉચ્ચ સ્તરેથી એવોર્ડ પ્રાપ્ત થતા હોય છે ત્યારે તેઓનું અભિવાદન કરી પ્રોત્સાહિત કરવાની રીત મુજબ રાજકોટ શહેરના કાર્યરત અને સક્રીય પોલીસ કમિશનર રાજુ ભાર્ગવની આગેવાનીમાં તેમની ઉત્કૃષ્ટ કામગીરી બદલ પ્રાપ્ત થયેલ ઉચ્ચ કક્ષાનો એવોર્ડ મળવા બદલ તેઓનું અભિવાદન કરવાનો કાર્યક્રમ રખાયો છે. તેવું ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝના પ્રમુખ રાજીવભાઇ દોશી, ચેરમેન ધનસુખભાઇ વોરા તથા માનદમંત્રી ઉપેનભાઇ મોદીએ જણાવ્યું હતું.

સરગમ પરિવારના સભ્યો માટે મુંબઈનું નાટક 'કાકા કો કુછ કુછ હોતા હૈ' નો શો યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૯

ગત તા. ૨૩ થી ૨૬ સુધી સરગમ પરિવારના કપલ ક્લબ/લેડીઝ ક્લબ/ સિનિયર સિટીઝન ક્લબ અને જેન્ટ્સ ક્લબના સભ્યો તેમજ આમંત્રિતો માટે મુંબઈનું નાટક 'કાકા કો કુછ કુછ હોતા હૈ' નો શો યોજાયેલ.

આ નાટકમાં કલાકારો તરીકે યુનુસ પટેલ દ્વારા દીર્ગદર્શિત અને ઈમ્તિયાઝ પટેલ દ્વારા લિખિત તથા આશિષ ભટ્ટ દ્વારા અભિનીત 'કાકા કો કુછ કુછ હોતા હૈ' નામના નાટક શો યોજાનાર છે. આ નાટકમાં પ્રથમ ભટ્ટ, ધ્રુવ બારોટ, દેવશ્રી આચાર્ય, મહેક ભટ્ટ, કમલેશ દરજી અને મનીષા વોરા વગેરે અભિનયના ઓજસ પાથરીયા હતા.

આ કાર્યક્રમ નિહાળવા માટે રાજકોટ શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, શિવલાલભાઈ આદ્રોજા, કાળુભાઈ કુલવાળા, કાશ્મીરાબેન નથવાણી, શિવલાલભાઈ બારસીયા, પરસોત્તમભાઈ કમાણી, છગનભાઈ ગઢીયા, હરિભાઈ પટેલ, ગોપાલભાઈ સાપરિયા, જીતુભાઈ કોઠારી, દિલીપભાઈ સોમૈયા, પ્રફુલભાઈ ધામી, રાજેન્દ્રભાઈ મહેતા, ડો. એમ.વી. વેકરિયા, સુભાષભાઈ સામાણી, હરદેવસિંહ જોડેજા, મનસુખભાઈ રામાણી, મયુરભાઈ શાહ, દીપકભાઈ પટેલ, હિતેશભાઈ દવે, કિશોરભાઈ કોટક, નીતિનભાઈ ખુંટ, વગેરે મહાનુભાવો નાટ્ય શો જોવા ઉપસ્થિત રહ્યા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ભરતભાઈ સોલંકી, રાજેન્દ્રભાઈ શેઠ, જયસુખભાઈ ડાભી, સુનીલભાઈ દેત્રોજા, કનૈયાલાલ ગજેરા, મનમોહનભાઈ પનારા, રમેશભાઈ અકબરી, ગીતાબેન હિરાણી, જયશ્રીબેન મહેતા, જયશ્રીબેન વ્યાસ, હેતલબેન થડેશ્વર, વૈશાલીબેન શાહ વગેરે જેહમત ઉઠાવેલ છે. તેમ જણાવ્યું છે. (૧૩)

શાકભાજીના ભાવ આસમાને પહોંચતા ગૃહિણીઓમાં કચવાટ

આદુના રૂ.૩૦૦, ટમેટાના રૂ. ૧૨૦ તીખી મરચીના રૂ. ૨૦૦ સુધી પહોંચ્યા ભાવ : લોક સંસદ વિચાર મંચ જિલ્લા નારી સુરક્ષાના મહિલા આગેવાનોએ ગૃહિણીઓનું બજેટ ખોરવાયાનો કર્યો આક્ષેપ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૯

લોક સંસદ વિચાર મંચના મહિલા આગેવાનો અને જિલ્લા નારી સુરક્ષા સમિતિ (રાજકોટ) ના મહામંત્રી સરલાબેન પાટડીયા, ઉપપ્રમુખ પારૂલબેન સિદ્ધપુરા, મંત્રી પ્રફુલાબેન ચૌહાણ, પદ્માબા ચૌહાણ, પુનમબેન રાજપૂત, મીનાબેન જાદવ, જાગૃતીબેન ટંકારીયા, સોની ભાવનાબેન જોગીયા ની સંયુક્ત યાદી જણાવે છે કે વધતી જતી મોંઘવારી, તોતિંગ જી.એસ.ટી., અનાજ, કઠોળ, દૂધ, દહીં, છાશ, માખણ, સીંગતેલ, પેટ્રોલ, ડીઝલ જીવન જરૂરિયાતની તમામ ચીજ વસ્તુઓના ભાવોમાં વધારો કરાયા બાદ પડ્યા ઉપર પાટું સમાન શાકભાજીમાં ભાવમાં બેહદ વધારો કરાયો છે.

ખાસ કરીને આદુના પ્રતિ કિલો રૂ. ૩૦૦, ટમેટાના રૂ. ૧૨૦, તીખી મર્ચીના રૂ. ૨૦૦, મરચાંના રૂ. ૧૨૦, કાકડીના રૂ. ૯૦ સુધી ભાવ પહોંચી ગયા છે.

મેથીની એક પૂણીના રૂ. ૫૦, ધાણાભાજીના રૂ. ૨૦૦ શાક બકાલાના ભાવમાં વધારાથી ગૃહિણીઓનું બજેટ ખોરવાયું ગયું હોય તેવું લાગે છે. આદુનો ભાવ રૂ. ૩૦૦ થઇ જતા ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોની ચા બગડી હોવાનો અનુભવ થાય છે. એ કારણે હવે ચામાં આદુ નાખવાનું બંધ થયું છે.

હાલ દંડ અને ટેક્સનું ભારણ વધી ગયું છે. આકરા દંડ અને આકરા ટેક્સને પગલે પણ મોંઘવારીએ માઝા મૂકી છે. વધુ પડતા ટેક્સને પગલે લોકોને મોંઘવારીનો માર સહન કરવો પડે છે. પેટ્રોલ ડીઝલના ભાવમાં રાજ્ય અને કેન્દ્ર સરકાર ટેક્સમાં ઘટાડો કરે તેવી પણ ઉપરોક્ત સંસ્થાના કાર્યવાહકોએ માંગ કરી છે.

સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફકત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.-અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અગ્ર સચિવ અશ્વિનીકુમારના અધ્યક્ષ સ્થાને રાજકોટ મનપાના વિવિધ પ્રોજેકટની સમીક્ષા બેઠક યોજાઈ

મનપાના નાયબ મ્યુનિ. કમિશનરઓ સહિત ગાંધીનગર ખાતેથી અધિકારીઓની ખાસ ઉપસ્થિતિ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૯

રાજકોટ મહાનગરપાલિકા ખાતે આજરોજ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અગ્ર સચિવ અશ્વિનીકુમારના અધ્યક્ષ સ્થાને વિવિધ પ્રોજેકટની સમીક્ષા બેઠક યોજાઈ હતી.

જેમાં રાજકુમાર બેનીવાલ **(Commissioner of Municipalities Administration)**, આર. જી. ગોહિલ **(Secretary, Housing Nirmal Gujarat)**, આર. એસ. નીનામા **(Commissioner , Gujarat Housing Board)**, ડી. જે. જાડેજા **(CTPO, TP VD)**, બી.બી.વાહોનિયા **(CEO, Gujarat Municipal Finance Board)**, ભવ્ય વેરમા **(Mission Director, SBM NULM)**, સાલીની દુહાન **(Deputy Secretary (Project), UDD)**, આનંદ ઝીન્ઝાલા **(Joint Secretary, UDD)**, બી. એસ. મિસ્ત્રી **(Deputy Secretary (Budget), UDD Fire NULM, UDD)** અને વી. એલ. અનડકટ **(Advisor, UDD)** સહિતના ગાંધીનગર ખાતેથી અધિકારીઓ અને મનપાના નાયબ મ્યુનિ. કમિશનરઓ અનિલ ધામેલિયા અને ચેતન નંદાણી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં સ્માર્ટ સિટી મિશન, અટલ સરોવર ડેવલપમેન્ટ, અમૃત મિશન યોજના, સ્વર્ણિમ જયંતિ યોજના, **NULM Scheme**, રાજકોટ રાજપથ લી., **NGT** પ્રોગ્રેસ, ગતિશક્તિ પ્રોજેકટ, અર્બન ગ્રીન પ્રોજેકટ, ગુજરાત હાઉસીંગ બોર્ડ, સ્વચ્છ ભારત મિશન પ્રોજેકટ, ટી.પી.સ્કીમ, પ્રિ-મોન્સુન કામગીરી અને પ્લાનિંગ, રાજકોટ રિંગ રોડ ડેવલપમેન્ટ પ્રોજેકટ વિગેરે પ્રોજેકટ અંગેનું પ્રેઝેન્ટેશન નિહાળી કામગીરી અંગે ચર્ચા કરવામાં આવી હતી.

ઉપરોક્ત બેઠકમાં અગ સચિવ અશ્વિનીકુમારનું મ્યુનિ. કમિશનર આનંદ પટેલે અને રાજકુમાર બેનીવાલ **(Commissioner of Municipalities Administration)**નું નાયબ મ્યુનિ. કમિશનર અનિલ ધામેલિયા દ્વારા પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમ જણાવ્યું છે.(૧૩)

તંત્રી લેખ

બીજાના ચહેરા પર ખુશી આવે તેવા પ્રયત્નો કરવા...

દરેક વ્યક્તિનું બાળપણ એક જેવું જ હોય છે એવું આપણને લાગે છે. બાળક બાળપણમાં અનેક રમતો રમતો હોય છે, રમતાં રમતાં તે પડી જાય છે. શાળાએ જઈને વિદ્યાભ્યાસ કરે છે. આમ કરતાં કરતાં તે જુવાન બને છે. આવો, આજે કાંઈક આપણા જીવનને નવીન રીતે થોડું અપડેટ કરીએ, કાંઈક નવું શીખીએ. સમયનો એક માત્ર ગુણ છે કે, તે હંમેશા નિર્ધારિત રીતે પસાર થયા જ કરે છે.

આપણે પણ સમયની સાથે રહેવું પડે, કારણ કે સમયથી પાછળ રહી જઈએ તો આપણી ધ્યેય પ્રાપ્તિમાં પણ એટલું જ મોડું થાય. જેઓ મહત્વપૂર્ણ કામ કરવાની સાથે, સમયની સાથે ચાલે છે તેઓ ધ્યેયને પામે છે અને જેઓ માત્ર સૂઈ રહે છે કે, સમય વેડફે છે તેઓ પસ્તાય છે.જો આપણી પાસે એવો સરસ આઈડીયા છે કે, જો એકાગ્રતાથી એના પર કામ કરવામાં આવે તો સફળ બિઝનેશ સ્થાપી શકાય તેમ છે. તો કોઈ પણ જાતના ડિસ્ટ્રેકસન (ખલેલ) વગર ફકત તમારા મહત્વના કામ પર ફોકસ કરો. જે તમારું ધ્યાન ભટકાવે, સમય વેડફાવે એવા ફાલતુ કામો બંધ કરો. જેમકે ભણાતી કે કામ કરતી વખતે મોબાઈલ નોટીફીકેશન મ્યુટ કરી દો વગેરે. ઘણીવાર માણસ બજારમાં જાય છે. ત્યાં સેલ જોવે છે અને સસ્તી વસ્તુઓ જોઈને લઈ આવે છે.

જેનો ઘણીવાર ઘરમાં કોઈ ઉપયોગ હોતો જ નથી. ઘણીવાર માણસો ફકત દેખાદેખીમાં મોંઘી બ્રાન્ડેડ વસ્તુઓ ખરીદીને આવે છે. જો વિચાર કરવામાં આવે તો નજીવા ખર્ચમાં પણ તે ઉપલબ્ધ થઈ શકે તેમ છે. પૈસાને બચાવી તેને ઈન્વેસ્ટ કરતાં શીખવું જોઈએ. અને જે ઈન્વેસ્ટમેન્ટથી ફાયદો થાય એ ફાયદાના પૈસામાંથી ખર્ચ કરવો જોઈએ. પરંતુ ફાલતું ખર્ચ ન કરવા જોઈએ એમાં જ આપણી ભલાઈ છે. જેવી સંગત એવી રંગતઃ આપણે જેમની સાથે ઉઠીએ બેસીએ તેની સાથે આપણા વિચારો પણ એમનાથી પ્રભાવિત હોય. જો આપણે નેગેટીવ લોકોની સાથે બેસીએ. જેમને આખા દેશમાં ખોટ જ દેખાય છે. જે બધાને કોસ્યાં જ કરે છે. તો એમની સાથે બેસવાથી આપણું મગજ પણ ખરાબ થશે. જો આપણે પોઝિટીવ લોકોની સાથે બેસીએ તો આપણે ખુલ્લા મને વિચારીશું. પ્રફુલ્લિત રહીશું અને તેમની પાસેથી કંઈક નવું શીખીશું. આપણી લાઈફને સારી કઈ રીતે બનાવવી એ માટેનું પ્લાનીંગ કરો અને પ્લાનીંગના સ્ટેપ્સને ક્યાંક ડાયરી કે નોટીસ બોર્ડ પર નોંધ કરો. કારણ કે લખવાથી કલેરીટી મળે છે. આજથી ૫ વર્ષ પછી આપણે આપણી જાતને કયા સ્થાને જોઈએ છીએ અને ત્યાં સુધી પહોંચવા શું કરીશું તે નોટ કરો. જો તમારામાં કોઈ ખોટ છે તેને તમે દૂર કરવા માંગો છો તો એક પછી એક ખોટ લખો અને ધીમે ધીમે એ ખોટને જીવનમાંથી દૂર કરતા જાઓ. આપણી સાચી સફળતા ત્યારે છે કે, જ્યારે આપણે સમાજ માટે કાંઈક કરી શકીએ. બીજાના દુઃખ દૂર કરવા, ભૂખ્યા ને પેટ ભરાય, બીજાના ચહેરા પર ખુશી આવે તેવા પ્રયત્નો કરવા. આપણી નૈતિક ફરજ બજાવવી – કચરો કચરાપેટીમાં નાંખો, ગંદકી ન ફેલાવો, ટ્રાફિક નિયમનો પાલન કરો. વગેરે...

કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતો માટે જાહેર કરાયેલ અનોખા પેકેજને આવકારતા રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ ભુપત બોદર

CCEA એ યુરિયા સબસીડી યોજના 3 વર્ષ માટે ૩,૬૮,૬૭૬ કરોડના ખર્ચે સાથે ચાલુ રાખવાની મંજૂરી આપી, બજાર વિકાસ સહાય (MDA) યોજના માટે રૂ. ૧૪૫૧ કરોડ મંજૂર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ ભુપતભાઇ બોદરની યાદીમાં જણાવે છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર તથા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર સતત ખેતી અને ખેડૂતોના સર્વાંગી વિકાસ માટે વિવિધ યોજનાઓ અમલમાં લાવી સતત પ્રયત્નશીલ છે. ત્યારે વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ (CCEA) દ્વારા આજે કુલ રૂ. ૩,૭૦,૧૨૮.૭ કરોડના ખર્ચ સાથે ખેડૂતો માટે આવિષ્કારી યોજનાઓના અનન્ય પેકેજને મંજૂરી આપવામાં આવી છે. સરકારના આ નિર્ણયને રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ ભુપતભાઇ બોદરે અભિનંદન સાથે આવકાર્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોની આવક બમણી કરવાના નિર્ધાર સાથે કાર્ય કરી રહી છે. ત્યારે કેન્દ્ર સરકારના આ નિર્ણયથી ખેડૂતોના સ્વપન સાકાર થશે. યોજના કૃષિને પ્રોત્સાહન આપીને ખેડૂતોની એકંદર સુખાકારી અને આર્થિક સુધારણા પર કેન્દ્રિત છે.

આ પહેલ ખેડૂતોની આવકમાં વેગ લાવશે, કુદરતી જૈવિક ખેતીને મજબૂત બનાવશે, જમીનની ઉત્પાદકતાને પુનજીવિત કરશે અને ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરશે. CCEA એ ખેડૂતોને યુરિયાની નિરંતર ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે કર અને નીમ કોટિંગના ચાર્જને બાદ કરતા ખેડૂતોને રૂ. ૨૪૨/૪૫માં કિલોની થેલીની સમાન કિંમતે યુરિયા મળે તે માટે યુરિયા સબસિડી યોજના ચાલુ રાખવાની મંજૂરી આપી છે.

ત્રણ વર્ષ સુધી યુરિયા સબસિડી માટે રૂ. ૩,૬૮,૬૭૬.૭ કરોડ આપવાની પ્રતિબદ્ધતા બતાવી છે. ખેડૂતોને યુરિયાની ખરીદી માટે વધારાનો ખર્ચ કરવાની જરૂર નથી અને આનાથી તેમના ઇનપુટ ખર્ચને હળવો કરવામાં મદદ મળશે. હાલમાં, યુરિયાની MRP ૪૫ કિલોની થેલી દીઠ રૂ. ૨૪૨ છે (નીમ કોટિંગ અને લાગુ પડતા કર સિવાય), જ્યારે થેલીની વાસ્તવિક કિંમત રૂ. ૨૨૦૦ની આસપાસ આવે છે.

આ યોજના માટે સંપૂર્ણ રીતે ભારત સરકાર દ્વારા અંદાજપત્રીય સહાય મારફતે ધિરાણ કરવામાં આવે છે.ભારત સરકારે દેશના ખેડૂતોને સુરક્ષિત કરવાના તેના પ્રયાસમાં, ખાતર પરની સબસિડી ૨૦૧૪-૧૫માં રૂ. ૭૩,૦૬૭ કરોડ હતી તે વધારીને ૨૦૨૨-૨૩માં રૂ. ૨,૫૪,૭૯૯ કરોડ કરી છે.

ખેડૂતોને ખેતીના થતા ખર્ચમાં થશે ઘટાડો : ભુપત બોદર

મંજૂર કરવામાં આવેલી આ યોજનાઓથી રાસાયણિક ખાતરોનો ન્યાયપૂર્ણ ઉપયોગ કરવામાં મદદ મળશે, જેનાથી ખેડૂતોને ખેતીના થતા ખર્ચમાં ઘટાડો થશે. કુદરતી અને જૈવિક ખેતીને પ્રોત્સાહન આપવાથી, નેનો ફર્ટિલાઇઝર્સ અને જૈવિક ખાતરો જેવા આવિષ્કારી અને વૈકલ્પિક ખાતરોની મદદથી આપણી ધરતી માતાની ફળદ્રુપતાને પુનઃસ્થાપિત કરવામાં મદદ મળશે. આમ આ યોજના ખેતી અને ખેડૂતો માટે ખૂબ જ ઉપયોગી બની રહેશે તેમ રાજકોટ જીલ્લા પંચાયત પ્રમુખ ભૂપતભાઈ બોદરે સરકારની યોજનાને આવકારતા જણાવ્યું હતું.

રાજકોટ જીલ્લા ભાજપના કાર્યાલય મંત્રી તરીકે અલ્પેશ અગ્રાવતની ફરી વરણી

સહ કાર્યાલયમંત્રી તરીકે વિવેક સાતા અને કિશોર ચાવડા પુનઃ નિયુક્ત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

રાજકોટ જીલ્લા ભાજપ સંગઠન પ્રભારી ધવલભાઈ દવે, રાજકોટ જીલ્લા અધ્યક્ષ, અલ્પેશ ઢોલરીયા, મહામંત્રી સર્વ હરેશભાઈ હેરભા, નરેન્દ્રસિંહ જાડેજા, રવિભાઈ માંકડિયાએ પરામર્શ કરીને રાજકોટ જીલ્લા ભાજપામાં સતત ૨૮ વર્ષથી ૧૯૯૫થી જવાબદારી સંભાળતા અલ્પેશ અગ્રાવતની જીલ્લા કાર્યાલયના મંત્રી તરીકે પુનઃ વરણી કરવામાં આવેલ છે. આ સાથે સહ-કાર્યાલયમંત્રી તરીકે વિવેક સાતા અને કિશોર ચાવડાની પુનઃ વરણી કરવામાં આવેલ છે.

અગ્રાવત રાજકોટ જીલ્લામાં કાર્યાલય મંત્રી તરીકે ૧૯૯૫ થી રાજકોટ જીલ્લાના પૂર્વ અધ્યક્ષ લાલજીભાઈ સાવલિયાના કાર્યકાળમાં બે ટર્મ, મહેન્દ્રભાઈ પાડલીયા, ગોવિંદભાઈ પટેલ, મોહનભાઈ કુંડારિયા, નાગદાનભાઈ ચાવડા, ડી.કે.સખીયા, મનસુખભાઈ ખાચરીયાના માર્ગદર્શન હેઠળ કામગીરી સંભાળેલ હતી. આ સમયમા આવેલ નગરપાલિકા, જીલ્લા પંચાયત, તાલુકા પંચાયતની ચૂંટણીઓમાં વિશેષ જવાબદારીઓ સંભાળીને તમામ ચૂંટણી ઓમાં સફળતા પૂર્વક કામગીરી સંભાળીને પાર્ટીએ આપેલ જવાબદારીને નિષ્ઠાપૂર્વક સંભાળેલ છે. જેઓ સરળ અને શાંત સ્વભાવના કારણે રાજકોટ જીલ્લા અને તાલુકાના તમામ કાર્યકર્તાઓ સાથે વર્ષોથી પરિવાર જેવો હંમેશા નાતો રહ્યો છે. તાલુકાના એક-એક કાર્યકર્તાઓના પરિવારના નામ જોગ પરિચયથી તમામ સાથે ગાઢ નિકટતા રહેલી છે.

આ બંને આગેવાનોની પુનઃવરણી થતા રાજકોટજીલ્લા પ્રમુખ અલ્પેશ ઢોલરીયા,મહામંત્રી હરેશભાઈ હેરભા, નરેન્દ્રસિંહ જોડેજા, રવિભાઈ માંકડિયા, કેબીનેટમંત્રીઓ કુંવરજીભાઈ બાવળિયા, ભાનુબેન બાબરિયા, સાંસદો મોહનભાઈ કુંડારિયા તથા રમેશભાઈ ધડુક, ધારા-સભ્યો જયેશભાઈ રાદડિયા, ગીતાબા જયરાજસિંહ જાડેજા, ડો.મહેન્દ્રભાઈ પાડલીયા સહિત રાજકોટ જીલ્લા ભાજપના તમામ આગેવાનો તથા ભાજપના કાર્યકર્તાઓ, મિત્ર-વર્તુળ (મો.નં.૯૦૩૩૦ ૨૬૨૫૫) પર અભિનંદન પાઠવી રહ્યા હોવાનું અરૂણભાઈ નિર્મળએ જણાવ્યું હતું.

શનિવારે સોમનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા દંત યજ્ઞ-બત્રીસીનો નિઃશુલ્ક કેમ્પ યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

શ્રી સોમનાથ મંદિર ટ્રસ્ટ અને ડિવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ-રાજકોટના સંયુક્ત ઉપક્રમે તા.૧ જૂલાઈને શનિવારે નિઃશુલ્ક દંત યજ્ઞ અને દાંતની બત્રીસીના કેમ્પનું આયોજન સવારે ૧૦ થી ૧ દરમિયાન કરાયું છે.

શ્રી મહેશ્વરી ગેસ્ટ હાઉસ સામે, ટુરિસ્ટ ફેસેલીટી સેન્ટર, સોમનાથ (પ્રભાસ પાટણ) ખાતે સોમનાથ મંદિર ટ્રસ્ટના આર્થિક અનુદાનથી યોજાનાર આ કેમ્પમાં રાજકોટના દાંતના રોગોના નિષ્ણાંત ડો.જયસુખભાઈ મકવાણા, ડો.કાજલ ગઢવી, ડો.હર્ષિદા વસાવા, ડો.કીર્તિ આમેટા, ડો.સંજય અગ્રાવત, મોનિકા ભટ્ટ અને જાગૃતિ ચૌહાણ, રાજુભાઈ વરિયા, હસુભાઈ મકવાણા, વિ. સેવા આપશે.

ડેન્ટલ કેમ્પમાં દાંતના રોગોનું નિદાન કરી જેમાં હાલતા દુઃખતા દાંત જાલંધર બંધ યોગ વડે વિના મુલ્યે કાઢી અપાશે. તેમજ જરૂરિયાતમંદ દર્દીને દાંતની બત્રીસી સંસ્થા તરફથી ફ્રી બનાવી આપવામાં આવશે.

સોમનાથ, વેરાવળ, ઉના, કોડીનાર, પ્રભાસ પાટણ, તાલાલા, કેશોદ, માળીયા હાટીના, પ્રાચી, સુત્રાપાડા,માંગરોળ, અને આસપાસના લોકોને કેમ્પનો લાભ લેવા અનુરોધ કરેલ છે. વધુ વિગત માટે (મો.નં.૯૪૦૯૭ ૭૩૬૭૪) પર મોનિકા ભટ્ટનો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

પાણીપુરી ખાવાની સ્પર્ધા યોજાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

ગત તા.૨૪ના રોજ રાજકોટ શહેર ખાતે સંગીની ક્લબ દ્વારા મહિલાઓ માટે પાણીપુરી ખાવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં આશરે ૫૦ જેટલી મહિલાઓએ સ્પર્ધામાં ભાગ લીધો અને સંગીની ક્લબ દ્વારા વિજેતાઓને ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં માટે ક્લબના ડો.નયનાબા જાડેજા, ભાવનાબેન જોષી, ધારાબા સિંધવ, પૂજાબા જાડેજા, અલકાબેન કામદાર, ધાત્રીબેન, દેવયાનીબેન અને સીમાબેન અગ્રવાલ એ જહેમત ઉઠાવી હતી. તેમ જણાવ્યું છે.

વાચકોએ નોંધ લેવી

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપક: સૌરાષ્ટ્ર ક્રાંતી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી દેવપોઢી અગિયારસ તા.૨૯ને ગુરૂવારના રોજ શ્રીકષ્ટભંજનદેવને દિવ્ય વાઘા ધરાવીને દાદાને કેક તથા ચોકલેટનો અન્નકૂટ ધરાવવામાં આવેલ એવં સવારે ૦૫:૪૫ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવેલ. હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ અનેરા દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ. તેમ જણાવ્યું છે.(૧૩)

રવિવારે ઉપલેટામાં રોજગારલક્ષી દિવ્યાંગ સાધન સહાય ફોર્મ વિતરણ કેમ્પ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

શ્રી સિધ્ધનાથ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગુજરાત સરકાર દ્વારા દિવ્યાંગોને રોજગારલક્ષી સાધન-સહાય આપવામાં આવે છે. તેમજ વિનામુલ્યે એસ.ટી. પાસ આપવામાં આવે છે.

તે માટેના અરજીપત્રક ભરવા માટે ઉપલેટા, ધોરાજી વિસ્તારના દિવ્યાંગો ફોર્મ ભરવા માટે શ્રી સિધ્ધનાથ ટ્રસ્ટ દ્વારા ૨ જી જુલાઈએ ઉપલેટામાં રોજગાર લક્ષી દિવ્યાંગ સાધન સહાય ફોર્મ વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. સવારે ૧૦ થી ૧૨ સુધી શ્રી રામ મંદિર, બડા બજરંગ, જનતા બગીચા પાસે, ઉપલેટા ભરી જવા અનુરોધ કરાયો છે.

દિવ્યાંગતા પ્રમાણપત્ર (ડોક્ટરી સર્ટી), ઉંમરનો પુરાવો જો દાખલો - લિવિંગ સર્ટી), રહેઠાણનો પુરાવો (રાશન કાર્ડલાઇટબિલ-ડ્રાઇવિંગ લાઇસન્સ- ચૂંટણીકાર્ડ), રોજગારલક્ષી સાધન હોય તો તે અંગેનું અનુભવનું પ્રમાણપત્ર, દિવ્યાંગ એસ.ટી.બસ પાસની નકલ, આધાર કાર્ડ સાથે ફરજિયાત લાવવા તાકીદ કરાઈ છે. એસ.ટી પાસ કઢાવવા માટે પણ ઉપરોક્ત આધાર સાથે જોડવાના રહેશે.

આ અંગે જયેશભાઈ ત્રિવેદીના માર્ગદર્શન સાથે જગદીશભાઇ પૈડા, સતીશભાઈ સોજીત્રા, વિક્રમસિંહ સોલંકી, અજયભાઈ જાગાણી, ભગવાનદાસબાપુ નિરંજની, મનુભાઈ બારોટ જહેમત ઉઠાવી રહ્યા છે. તેમ જણાવ્યું છે.

અચાનક એટેક આવવા પાછળ હોય છે બ્રુગાડા સિન્ડ્રોમ જવાબદાર

અતિશય સ્ટ્રેસ, નબળું માનસિક સ્વાસ્થ્ય અને આવેગિક રીતે ઉત્તેજિત લોકોને વધુ અસર કરે છેઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનના અધ્યક્ષ ડો. યોગેશ એ.જોગસણ અને અધ્યાપક ડો. ધારા આર.દોશીનો સર્વે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૯

આજકાલ આપણે સાંભળીએ છીએ કે કોઈ ૨૧ વર્ષનો છોકરો ડાન્સ કરતી વખતે કે કોઈના લગ્નમાં નાચતી વખતે અચાનક જ મરી ગયો. વ્યાયામ કરતી વખતે એક ૧૭ વર્ષીય વ્યક્તિનું મૃત્યુ થયું, શાળાની સીડીઓ ચડતા વિદ્યાર્થીને મોત આવ્યું. ઘણી વખત હાર્ટ એટેકના કારણે આવું બન્યું હોવાનું અનુમાન છે. આવું ઘણા કિસ્સાઓમાં પણ બને છે. પરંતુ યુવાન, એકદમ સ્વસ્થ લોકોમાં કાર્ડિયાક અરેસ્ટ પાછળ બ્રુગાડા સિન્ડ્રોમનો મોટો હાથ છે. આ સિન્ડ્રોમના લક્ષણો ઘણી વખત ન તો દર્દી જાણી શકે કે ન ડોક્ટર પકડી શકે છે. આ સિન્ડ્રોમ વિશે જાણવું જરૂરી એટલા માટે છે કે તેનાથી જાગૃત બની શકાય. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનના અધ્યક્ષ ડો. યોગેશ એ.જોગસણ અને અધ્યાપક ડો. ધારા આર.દોશી દ્વારા આ વિશે અહેવાલ તૈયાર કરવામાં આવ્યો.

બ્રુગાડા સિન્ડ્રોમ સ્ત્રીઓ કરતાં પુરુષોમાં વધુ સામાન્ય છે. જેના કારણે હાર્ટ એટેક સ્ત્રીઓની સરખામણીએ પુરુષોને વધુ જોવું મળે છે. આ સિન્ડ્રોમની જાણ સહેલાઈથી નથી થતી. બ્રુગાડા સિન્ડ્રોમનું નિદાન ડોક્ટરની માહિતી પર આધારિત છે. તેના લક્ષણો અલગથી જાણી શકાતા નથી. જો ડોક્ટરને તેના વિશે પહેલેથી જ ખબર હોય, તો તે તેની યુવાનોના અચાનક મૃત્યુનું કારણ શું હોઈ શકે જે હાર્ટ એટેકને કારણે ન હોય? એક કારણ બ્રુગાડા સિન્ડ્રોમ હોઈ શકે છે. આ રોગને શોધવા માટે એક સરળ પદ્ધતિ છે જેમાં **ECG** કરવામાં આવે છે.

ઈસીજીમાં એક પેટર્ન છે જેને બ્રુગાડા પેટર્ન કહેવામાં આવે છે. બ્રુગાડા એ આ સમસ્યા શોધનાર વૈજ્ઞાનિકનું નામ છે. **ECG** રિપોર્ટ જોયા બાદ ખબર પડે છે કે આ સિન્ડ્રોમ વારસાગત છે કે નહીં.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં હાર્ટએટેકના કિસ્સા સતત વધી રહ્યા છે. રોજ કોઈને કોઈ શહેરોમાંથી હાર્ટએટેકથી મોતના ખબર આવી રહ્યાં છે. સમયસર સારવાર ન માળતા છાતીમાં દબાણ વધતા લોકો મોતને ભેટી રહ્યાં છે. સ્થિતિ એટલી હદે ખરાબ છે કે, હવે નાના બાળકો અને કોલેજમાં ભણવા વિદ્યાર્થીઓ પણ તેના શિકાર થઈ રહ્યા છે. સરકાર માટે પણ આ બાબત ચિંતાજનક બની ગઈ છે. જોકે, હાર્ટએટેકને ટાળવાનો એક જ ઉપાય છે સીપીઆર. જો વ્યક્તિને સમયસર સીપીઆર આપવામાં આવે તો તેનો જીવ બચી શકે છે. પરંતુ આપણે ત્યા એ અવેરનેસ નથી. પરંતુ હવે સમય આવી ગયો છે કે, દરેક વ્યક્તિએ સીપીઆર આપવાની ટ્રેનિંગ લઈ લેવી જોઈએ. ઘર, ઓફિસ, શૈક્ષણિક સંસ્થા ગમે ત્યા જ આવી રીતે કોઈ ભોગ બને તો સીપીઆરથી તમે તેનો જીવ બચાવી શકો છો.

હવે સમય આવી ગયો છે કે, શાળા લેવલે વિદ્યાર્થીઓને સીપીઆર આપવાની તાલીમ આપવામા આવે છે.સીપીઆરમાં વ્યક્તિની છાતી પર દબાણ બને છે. જેનાથી બ્લડ ફ્લોને ઠીક કરવામાં મદદ મળે છે. તમારાં બંને હાથને દર્દીની છાતીની વચ્ચે રાખો અને ૧૦૦થી ૧૨૦ પ્રતિ મિનિટના દરે જોરથી છાતી પર ધક્કો **(Pressure)** આપો. દરેક ધક્કા બાદ છાતીને પોતાની સામાન્ય સ્થિતિમાં આવવા દો. ઈમરજન્સી હેલ્પ પહોંચે ત્યાં સુધી આવું કરતાં રહેવું. રાજકોટ સહિત રાજ્ય અને દેશમાં યુવાનોમાં વધતા જતા હાર્ટ એટેકના બનાવો ચિંતાજનક રીતે આગળ વધી રહ્યા છે. વધતા જતા હાર્ટ એટેકના બનાવ અંગે કેન્દ્ર સરકારના આરોગ્ય વિભાગે પણ ચિંતા વ્યક્ત કરી છે.

બ્રુગાડા સિન્ડ્રોમ શું છે?

તાજેતરમાં જ ઘણા સ્વસ્થ લોકોના મોતના સમાચાર આવી રહ્યા છે. બ્રુગાડા સિન્ડ્રોમ આનું એક દુર્લભ કારણ છે. જેમાં હૃદયના વિદ્યુત આવેગમાં ખામી છે. આ કારણે હૃદયના ધબકારામાં ખલેલ પહોંચે છે. હૃદયના ધબકારા ઝડપી બને છે. બ્લડ પ્રેશરમાં ઘટાડો થાય છે. જેમાં દર્દીનો જીવ પણ જઈ શકે છે.

હૃદયને બંધ કરતો સિન્ડ્રોમ

બ્રુગાડા સિન્ડ્રોમ એ હૃદયની એક દુર્લભ સ્થિતિ છે. જેમાં હૃદયથી મગજ સુધી સંદેશ સપ્લાયમાં અવરોધ આવવા લાગે છે. હૃદય કામ કરવાનું બંધ કરી દે છે. વ્યક્તિ બેભાન બને છે અને અંતે સ્થિતિ વધુ ખરાબ થાય છે. હૃદય ઘણા રોગોથી પીડાય છે; તેમાંથી, બ્રુગાડા સિન્ડ્રોમ તેમાંથી એક રોગ છે. આ સિન્ડ્રોમ જીવન માટે જોખમી હોઈ શકે છે અને દર્દીના હૃદયના લયને અસર કરે છે. સામાન્ય રીતે, બ્રુગાડા સિન્ડ્રોમ ચોક્કસ રીતે દર્દીઓમાં દેખાતો નથી તેના કેટલાક ચિહ્નો કે લક્ષણો વ્યક્તિમાં દેખાય છે જેમકે મૂર્છા, અસ્તવ્યસ્ત અથવા ખૂબ જ ઝડપી ધબકારાનો સમાવેશ થાય છે. કોઈ વ્યક્તિ આ સિન્ડ્રોમથી પીડિત છે કે નહીં તેની ખાતરી કરવાનો રસ્તો **ECG** અથવા ઇલેક્ટ્રોકાર્ડિયોગ્રામ છે.

લક્ષણ	ઉપચાર
- વારંવાર ચક્કર આવવા	- નિષ્ણાંત ડોકટરની સલાહ લેવી.
-વારંવાર બેભાન થઈ જવાની સમસ્યા	- યોગ્ય દવાઓ અને યોગ્ય ઉપચાર
- પરિવારમાં આકસ્મિક મોત નીપજ્યું હોય અને તે સહન ન થયું.	**કારણ**
- શ્વાસ લેવામાં તકલીફ થવી	- વારસાગત
- ખૂબ તાવ હોય	- નબળું માનસિક સ્વાસ્થ્ય
-શ્વાસમાં તકલીફ થતી હોય.	- વધુ પડતો તાવ
- ધબકારા અનિયમિત થવા	- વધુ પડતી મેદસ્વિતા
	- થાકનો અનુભવ

ટ્રેક પર પ્રવેશબંધી હોવા છતાં યુવાન રેલીંગ ટપી રોડ ક્રોસ કરવા જતાં અકસ્માત સર્જાયો

બીઆરટીએસ ટ્રેક પર બસની ઠોકરે અજાણ્યા યુવાનનું મોત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૯

શહેરમાં મોડી સાંજે અકસ્માતની એક ઘટના સામે આવી હતી. જેમાં શહેરના ૧૫૦ ફૂટ રિંગરોડ પર આવેલા મહાપૂજા ધામ ચોક નજીક ઇજ્જાજ બસે હડફેટે લેતા ગંભીર ઈજાને પગલે યુવકનું મોત નિપજ્યું હતું. આ ઘટના અંગેની જાણ થતાં પોલીસ તેમજ ૧૦૮નો કાફલો દોડી ગયો હતો. જોકે ૧૦૮ દ્વારા આ યુવકને મૃત જાહેર કરવામાં આવતા પોલીસે મૃતકની લાશને પોસ્ટમોર્ટમ માટે ખસેડી તેની ઓળખ મેળવવા તપાસ હાથ ધરી છે. રાજકોટમાં ઇજ્જાજ બસની હડફેટે એક યુવકનું મોત થયું હોવાની ઘટના સામે આવી છે. શહેરના મહાપૂજા ધામ ચોક નજીક મનાઈ છતાં એક યુવક રેલિંગ કૂદીને **BRTS** ટ્રેકમાં ઘૂસ્યો હતો. અહીંથી પસાર થતી બસે હડફેટે લેતા **BRTS** ટ્રેકમાં જ પટકાયો હતો. આ ઘટનાને પગલે આસપાસના લોકો એકઠા થઇ

ગયા હતા. લોકો દ્વારા ૧૦૮ને જાણ કરવામાં આવી હતી. જો કે તેમાં ફરજ પરના ડોક્ટરે યુવકને મૃત જાહેર કર્યો હતો. સમગ્ર ઘટનાનાં સીસીટીવી સામે આવ્યા છે. જેમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, એક યુવક રોડ ક્રોસ કરવા માટે બીઆરટીએસ ટ્રેક કૂદી રહ્યો છે.

ટ્રેક પરથી કૂદીને તે દોડતો સામે નીકળી જવાનો પ્રયાસ કરે છે.આ દરમિયાન ત્યાંથી પસાર થતી બીઆરટીએસ બસની હડફેટે આવતા ફુટબોલની માફક ફંગોળાઈને રસ્તા પર પટકાય છે. બીજી તરફ આ ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો પણ દોડી ગયો હતો.

યુવકની લાશને પોસ્ટમોર્ટમ માટે ખસેડી યુવકની ઓળખ મેળવવા તપાસ હાથ ધરી છે. આ બનાવને પગલે ૧૫૦ ફૂટ રિંગરોડ પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. જોકે પોલીસ તેમજ **TRB** જવાનો દ્વારા મહામહેનતે ટ્રાફિક પૂર્વવત કરાવ્યો હતો. નોંધનીય છે કે, **BRTS** ટ્રેકમાં ખાનગી વાહનો તેમજ લોકો માટેની પ્રવેશબંધી છે. છતાં આ યુવક રેલિંગ કૂદીને ટ્રેકમાં ઘૂસી જતા મોત મળ્યું હતુ

રાજકોટ તાલુકા પંચાયત કચેરી જર્જરિત હાલતમાં, દિવાલોમાં ઠેર-ઠેર તિરાડો

જરૂરી જણાય તો ચોમાસા પૂરતું આવી કચેરીઓનું સ્થળાંતર કરવાની તૈયારી દર્શાવતું કલેકટર તંત્ર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૯

તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા જર્જરિત આવાસોનો સરવે કરીને તાત્કાલિક જરૂરી પગલાં લેવા આદેશો અપાયા હતા. જેને લઈ રાજકોટના શહેરી વિસ્તારમાં મનપા અને ગ્રામ્ય વિસ્તારમાં કલેક્ટર તંત્રએ કામગીરી શરૂ કરી છે. પરંતુ દિવાતળે અંધારૂ હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે. રાજકોટની તાલુકા પંચાયત કચેરી જર્જરિત હાલતમાં છે. અહીં દિવાલોમાં ઠેર-ઠેર તિરાડો અને ખુલ્લી ઈંટો જોવા મળી રહી છે. જો કે, આ સહિતની સરકારી કચેરીઓનો રિડેવલોપમેન્ટ પ્લાન એડવાન્સ લેવલની મંજૂરીમાં હોવાનું ઉપરાંત જરૂરી જણાય તો ચોમાસા પૂરતું આવી કચેરીઓનું સ્થળાંતર કરવાની તૈયારી કલેક્ટર પ્રભવ જોશીએ દર્શાવી હતી. શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ અશ્વિનીકુમારની અધ્યક્ષતામાં

યોજાયેલી બેઠક બાદ કલેક્ટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે, ગુજરાત હાઉસિંગ બોર્ડનાં આવસોને લઈ ખાસ બેઠક યોજવામાં આવી હતી. જેમાં રાજકોટ જિલ્લામાં આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડના આવાસો માટે જરૂરી પગલા લેવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ખાસ જેતપુરના તાકુડીપરામાં આવેલી કોલોની માટે ત્યાંના ચીફ ઓફિસરને બોર્ડની સૂચનાઓ મુજબ પગલાં લેવા તાકીદ કરવામાં આવી હતી.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લામાં કુલ ૯૮૧ આવાસ જર્જરિત હોય તેના માલિકોને શિફ્ટિંગ કરવા જણાવાયું છે. છતાં જરૂર પડશે તો તંત્ર દ્વારા પણ પગલાં લેવામાં આવશે. ત્રણ દિવસ ભારે વરસાદની આગાહી હોવાથી તંત્ર એલર્ટ છે અને ૨૪ કલાકનાં કંટ્રોલરૂમ દ્વારા વરસાદના ડેટાનું મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. આ સાથે જ તમામ ડેમો પરનો સ્ટાફ એલર્ટ છે. અત્યારે જે પરિસ્થિતિ છે તેમાં જરૂર પડ્યે નીચાણવાળા ગામોને ખાલી કરાવવા સહિતની તૈયારીઓ કરી લેવામાં આવી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

કલેક્ટર સાથે બેઠક બાદ શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ અશ્વિનીકુમારની અધ્યક્ષતામાં મનપા કચેરીએ પણ ખાસ બેઠક યોજવામાં આવી હતી. જેમાં મ્યુનિ. કમિશનર આનંદ પટેલ સહિત મહાનગરપાલિકાનાં ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા અને શહેરી વિસ્તારમાં આવેલા જર્જરિત મકાનો તેમજ આવાસો અંગે ચર્ચાઓ કરવામાં આવી હતી. મનપા દ્વારા કુલ ૫૦૦ જેટલા મકાનો જર્જરિત હાલત-માં હોવાનું સરવેમાં સામે આવ્યું હતું. આ પૈકી અતિ જોખમી લાગતા ૨૪ આવાસો તાત્કાલિક ખાલી કરાવવા નોટિસ ફટકારવામાં આવી હતી. એટલું જ નહીં આવાસોનાં ભૂગર્ભ અને પાણીનાં કનેક્શન પણ કાપી નાખવામાં આવ્યા હતા.

આઇઆઇએમ (અમદાવાદ)નો અભ્યાસ રીપોર્ટ

ગુજરાતના મંદિરો પાસે સોનાનો ભંડાર: ૨૦૦ કિલો સરકારી સ્કીમમાં ડિપોઝીટ

સામાન્ય લોકોમાં રસ ઓછો; માત્ર ૦.૨૨ ટકા જ ઘરેલુ સોનુ જમા થયું

(એજન્સી સમાચાર)
ગાંધીનગર.તા.૨૯

વિશ્વમાં સોનાની ખરીદીમાં બીજા નંબરનું સ્થાન ધરાવતા ભારતમાં નાગરિકો પાસે તો અઢળક સોનુ છે જ સાથોસાથ મંદિરો પાસે પણ સોનાનો ભંડાર છે. ગુજરાતના મંદિરો પણ બાકાત નથી. ગુજરાતના મંદિરોએ કેન્દ્ર સરકારની ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમમાં ૨૦૦ કિલો સોનુ ડિપોઝીટ કર્યું હોવાના સંકેત છે.

આઈઆઈએમ અમદાવાદના ઈન્ડીયા ગોલ્ડ પોલીસી સેન્ટર દ્વારા કરાયેલા અભ્યાસમાં એવું તારણ નીકળ્યું છે કે કેન્દ્ર સરકારની ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમમાં માત્ર ૦.૨૨ ટકા ઘરેલુ (લોકો-પરિવાર પાસે પડેલુ) સોનુ ડિપોઝીટ થયુ છે જયારે અંબાજી તથા સોમનાથ મંદિરે ટુંકાગાળા માટે ૨૦૦ કિલો સોનુ ડિપોઝીટ કરાવ્યુ છે. વર્તમાન ભાવ પ્રમાણે સોનાની આ કિંમત ૧૨૦.૬ કરોડ થવા જાય છે. સોનાનો દસ ગ્રામનો ભાવ રૂા.૬૦૩૦૦ છે.

જાહેર ક્ષેત્રની બેંકના એક સીનીયર અધિકારીએ કહ્યું કે મંદિરોને દાન પેટે સોનુ પણ મળતુ હોય છે. અનેક મંદિરો પાસે સોનાનો ભંડાર છે તે સરકારી સ્કીમમાં જમા કરાવવા કેન્દ્ર આહવાન કરે છે. મધ્યમ ગાળા માટે સોનાની ડિપોઝીટ પર વાર્ષિક ૨.૨૫ ટકા તથા લાંબાગાળાની ડિપોઝીટ પર ૨.૫૦ ટકા વ્યાજ મળે છે. મંદિરો માટે તો આ લાભની જ વાત છે. કારણ કે ડિપોઝીટ પાકે ત્યારે બજારભાવ ઉપરાંત વ્યાજ પણ મળે છે.

ગુજરાતમાં સૌથી વધુ સોનુ ડિપોઝીટ કરાવવામાં અંબાજી મંદિર મોખરે છે. મંદિર ટ્રસ્ટના સભ્ય એવા બનાસકાંઠા જીલ્લા કલેકટર વરૂણકુમાર બરનવાલે જણાવ્યું હતું કે મંદિર દ્વારા ત્રણ તબકકે ૧૬૮ કિલો સોનુ ડિપોઝીટ કરાવાયું છે. ૧૪૦ કિલો સોનાનો શણગારમાં ઉપયોગ થઈ રહ્યો છે. ભાવિકો સોના મારફત દાન આપે જ છે. ઉપરાંત દાનપેટીમાંથી પણ સોનુ કે દાગીના નીકળતા હોય છે.

સોમનાથ મંદિરમાં દાન પેટે મળતા સોનાનો ઉપયોગ મોટાભાગે મંદિરને સોનાથી મઢવામાં કરે છે છતાં ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમમાં ૬ કિલો સોનુ ડિપોઝીટ કર્યું છે. ટ્રસ્ટી પી.કે.લહેરીએ કહ્યું કે ૧૫૦ કિલો સોનુ મંદિરના ઉપયોગમાં લેવાયુ છે.

બેંકીંગ સૂત્રોએ કહ્યું કે ડાકોરના રણછોડરાયજી મંદિરમાં પણ દાનમાં સોનુ મળે છે અને તેના દ્વારા પણ સરકારી સ્કીમમાં જમા કરાવાયુ છે. જો કે, સચોટ આંકડો પ્રાપ્ય નથી. દ્વારકાના દ્વારકાધીશ મંદિરના કમલેશ શાહે કહ્યું કે મંદિરે કયારેય સરકારી સ્કીમમાં સોનુ ડિપોઝીટ કરાવ્યું નથી. કારણ કે મંદિરને ભાગ્યે જ સોના સ્વરૂપે દાન મળે છે.

નેપાળના વિખ્યાત પશુપતિનાથ મંદિરમાં ભગવાનની શિવલીંગ પર ૧૦૦ કિલો સોનાનાં દાગીના ચઢાવવામાં આવ્યા હતા જેને પગલે મંદિર બંધ રાખવામાં આવ્યું હતું. મંદિરના ૧૧ કિલો સોનાના ગોટાળા અને ગાયબ થવાના વિવાદને પગલે વડાપ્રધાને તપાસનો આદેશ આપ્યો હતો તેના ભાગરૂપે દાગીના ઉતારી લેવાયા હતા અને હવે ફરી ચડાવવામાં આવ્યા હતા. આ દાગીનાના વજન તથા ગુણવતાની ચકાસણી કરવામાં આવી હતી.મંદિરના મુખ્ય દ્વાર સહીત ચારેય ગેટ બંધ રાખવામાં આવ્ય હતા અને સુરક્ષા જવાનોને તૈનાત કરવામાં આવ્યા હતા.મંદિરમાં ભાવિકોને પ્રવેશ અપાયો ન હતો. પરોઢીયે ત્રણ વાગ્યે ખાસ પૂજા બાદ જ દ્વાર ખોલાવાનું જાહેર કરવામાં આવ્યું હતું.

કણસાગરા મહિલા કોલેજ ખાતે ટ્રાફિક અવેરનેશ સેમીનાર યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)રાજકોટઃ શહેરની કણસાગરા મહિલા કોલેજ ખાતે ટ્રાફિક અવેરનેશ અને ટ્રાફિક નીયમો બાબતે માર્ગદર્શન સેમીનાર યોજવામા આવ્યો હતો. આ પ્રસંગે ટ્રાફિક ડીસીપી પૂજા યાદવ, ટ્રાફિક એસીપી જયવીર ગઢવી, ટ્રાફિક પીઆઈ વી આર રાઠોડ, કે આર ચોટલીયા તેમજ આરટીઓ અધિકારી કે એમ ખાપેટ દ્વારા ૨૫૦ થી વધુ વિદ્યાર્થીનીઓને ટ્રાફિક નીયમન બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને ટ્રાફિક અવેરનેશ પેમ્પલેટનું વીતરણ કરવામાં આવ્યું હતું.

લાકડા લેવા ગયેલ ૧૩ વર્ષની તરૂણીનું અપહરણ

મૂળ રાજસ્થાની પરિવારની પુત્રી દરરોજની જેમ લાકડા લેવા ગયા બાદ ઘરે પરત જ ન ફરીઃ આજીડેમ પોલીસે ગુનો નોંધી શોધખોળ આદરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૯

રાજકોટના આજીડેમ પાસે આવેલ યુવરાજનગરમાં લાકડા લેવા ગયેલ ૧૩ વર્ષની તરૂણીનું કોઈ અજાણ્યો શખ્સ અપહરણ કરી નાસી છૂટતાં આજીડેમ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે આજીડેમ પોલીસ મથકે અમદાવાદ હાઇવે પર આવેલ યુવરાજનગર વિસ્તારમાં રેહતી તરૂણીની માતાએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ મૂળ રાજસ્થાનના વતની છે. અને તેઓ વર્ષોથી રાજકોટમાં રહે છે. તેના પતિ ડ્રાઇવિંગ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમને સંતાનમાં ત્રણ પુત્રી અને એક પુત્ર છે. જેમાંથી બીજા નંબરની ૧૩ વર્ષની તરૂણી દરરોજ ઘર માટે લાકડા લેવા માટે આજીડેમ ચોકડી નજીક જતી હતી.

વધુમાં તેઓએ ઉમેર્યું કે, દરરોજની માફક તેની પુત્રી ગઈ તા.૨૭ ના સાંજના પાંચ વાગ્યાની આસપાસ લાકડા લેવા માટે ગઈ હતી. જે મોડે સુધી પરત ઘરે ન આવતાં તેના પરિવારે પુત્રીની શોધખોળ આદરી હતી.આસપાસના વિસ્તારમાં તપાસ કરવા છતાં તરૂણીનો કોઈ પતો ન લાગતાં તેમની પુત્રીને કોઈ અજાણ્યો શખ્સ અપહરણ કરી લઈ ગયાની ફરિયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરિયાદ પરથી આજીડેમ પોલીસ મથકના પીએસઆઇ એસ.કે.ગઢવી અને ટીમે સીસીટીવી ફૂટેજ અને ટેક્નિકલ સોર્સીસની મદદથી તરૂણીની શોધખોળ હાથ ધરી હતી.

રાજકોટના મોટામવા વિસ્તારમાંથી સગીરાનું અપહરણ

રાજકોટ, તા.૨૯

રાજકોટની ભાગોળે આવેલ મોટામવા વિસ્તારમાં રહેતી એક ૧૭ વર્ષની સગીરાને કોઈ અજાણ્યો શખ્સ અપહરણ કરી નાસી છૂટતાં યુનિવર્સિટી પોલીસ મથકે ફરિયાદ નોંધીઈ હતી. બનાવ અંગે સગીરાની માતાએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા.૨૦ ના સાંજના સમયે તેની સગીર પુત્રી ઘરે હતી ત્યારે અજાણ્યો શખ્સ તેના વાલીપણા માંથી ભગાડી જતાં અપહરણની ફરિયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરિયાદ પરથી યુનિવર્સિટી પોલીસ મથકના પીએસઆઇ ડી.આર.રતનું અને સ્ટાફે વધુ તપાસ હાથ ધરી હતી.

કાર રૂ.૬.૩૦ લાખમાં વેંચાવી દેવાનું કહી ત્રાહિત વ્યક્તિ પાસેથી ટોકન અપાવી વિશ્વાસમાં લીધા

OLXમાં કાર વેચવા જાહેરાત આપ્યા બાદ ગઠિયો વેપારીના ૩.૭૨ લાખ ચાઉં કરી ગયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૯

હાલના ડિજિટલ યુગમાં છેતરપિંડી કરવી ગઠિયાઓ માટે આસાન બની ગયું હોય તેમ દરરોજની અઢળક ફરિયાદો પોલીસ મથકે નોંધાઈ રહી છે. અને લોકો પણ ઓનલાઈન સંપર્કમાં આવતા લોકોની લાલચમાં આવી ફસાઈ જઈ સાયબર ક્રાઈમનો ભોગ બનતાં હોય છે. જેના માટે સાયબર ક્રાઇમ પોલીસ અનેક અવરનેસના કાર્યક્રમો પણ યોજતી હોય છે.

તેવો જ સાયબર ક્રાઈમનો ભોગ રાજકોટના એક લોહાણા વેપારી બન્યા છે. ધક્ડ મારફતે કાર વેંચવાની જાહેરાત આપ્યા બાદ સંપર્કમાં આવેલ એક શખ્સે વેપારી સાથે રૂ.૩.૭૨ લાખની છેતરપિંડી આચરતાં ગાંધીગ્રામ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. બનાવ અંગે મૂળ વિરમગામના અને હાલ જામનગર રોડ પર માધાપર ચોકડી પાસે દ્વારિકા લોરાઈડ એપાર્ટમેન્ટમાં રહેતાં હાર્દિકભાઈ દિનેશભાઈ કોટક (ઉ.વ.૩૯) નામના વેપારીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમની પાસે હોન્ડા કંપનીની એક કાર હતી. જે તેમને વેંચવાની હોય માટે તેને **OLX** વેબસાઈટમાં જાહેરાત આપી હતી. જે વેબસાઈટ મારફતે આપેલ જાહેરાતથી અમદાવાદ રેહતો પ્રશાંત પટેલ નામનો શખ્સ તેના સંપર્કમાં આવ્યો હતો. અને ફરિયાદીને તેની કાર રૂ.૬.૩૦ લાખમાં ફોનમાં વેંચાવી આપવાની વાત કરી વિશ્વાસમાં લીધા હતા.

વધુમાં ફરિયાદીએ ઉમેર્યું કે, તેમને કોઈ ત્રાહિત પરેશભાઈ નામના વ્યક્તિ મારફતે કારના સોદાની વાત કરી તેમને ટોકન પેટે રૂ.૮૦ હજાર અપાવી અને બાકી રહેતાં રૂ.૫.૫૦ લાખ તેમને ઓનલાઈન ટ્રાન્સફર કરી આપશે તેવું આરોપીએ બાહેધરી આપી હતી. જે બાદ આરોપીએ ફરિયાદી મારફતે પરેશભાઈને તેના વહીવટના રૂ.૩.૭૨ લાખ આંગળીયા મારફતે લેવડાવી લીધાં હતાં.

બાદમાં આરોપીએ તેનો ફોન બંધ કરી દિધો હતો અને બાદમાં ફરિયાદીને આરોપીએ વોટ્સએપ મેસેજ કરી બાકીના રૂપિયા આવતીકાલે મોકલી આપશે કહીં ફરીવાર ફોન બંધ કરી દિધો હતો. ફરિયાદીને આરોપી પર વિશ્વાસ ન આવતા તેમને ટોકન પેટે લીધેલ રૂ.૮૦ હજાર પરત કારનો સોદો કરનાર પરેશભાઈને પરત આપ્યા હતા અને તે ત્રાહિત વ્યક્તિએ ફરિયાદીના કહેવાથી આરોપીને આપેલા રૂ.૩.૭૨ તેમની પાસેથી પરત લેતાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી.

રાજકોટના મેટોડા જીઆઇડીસી વિસ્તારમાં જુગાર રમતા ચાર ઝડપાયા

શાપર, તા.૨૯

લોધીકા પોલીસ સ્ટેશનના પીએસઆઇ કુલદીપસિંહ ગોહિલ ના માર્ગદર્શન હેઠળ લોધીકા પો.સ્ટેના પોલીસ સ્ટાફ ના માણસો પો.સ્ટે વિસ્તારમા પ્રોહી જુગાર અંગે ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કોન્સ હરેશભાઇ સોરાણી તથા સાગરભાઇ ખટાણા ને સંયુકત ખાનગી રાહે હકિકત મળેલ કે મેટોડા જી.આઇ.ડી.સી.મા ગેઈટ નં.૦૧ મા આવેલ સાંગરીલા ફાર્મની પાછળ આવેલ ઈંટુના ભઠાની બાજુમા જાહેર જગ્યામાં હાર જીતનો જુગાર રમતા વનરાજસિંહ બાલુભા ડાભી જાતે રાજપુત ઉ.વ.૫૨ ધંધો ડ્રાઈવીંગ રહે.વડ વાજડી તા.લોધીકા, પ્રવિણસિંહ અભેસિંગ ડાભી જાતે રાજપુત (ઉ.વ.૩૮ ધંધો ખેતી રહે.વડ વાજડી તા.લોધીકા), મહિપતસિંહ ભુપતસિંહ ડાભી જાતે રાજપુત (ઉ.વ.૪૨ ધંધો ખેતી રહે.વડ વાજડી તા.લોધીકા), હનુભા રતુભા ડાભી જાતે રાજપુત (ઉ.વ.૪૧ ધંધો વેપાર રહે.વડ વાજડી તા. લોધીકા)ને રૂા. ૭૦૨૦૦ સાથે ઝડપી લઇ ગુનો નોંધેલ છે.

પી.એ.સ.આ.ઇ કુલદીપસિંહ ગોહિલ, પો.હેડ.કોન્સ યોગીરાજસિંહ અજયસિંહ જાડેજા, પો.કોન્સ હરેશભાઇ કરશનભાઇ સોરાણી, પો.કોન્સ સાગરભાઇ જગદિશભાઇ ખટાણા, પો.કોન્સ લક્કિરાજસિંહ બાબુભા જાડેજા, પો.કોન્સ રાજદિપસિંહ શુભરાજસિંહ ગોહિલ, પો.કોન્સ રવુભાઇ ટપુભાઇ ગીડા એ કામગીરી બજાવી હતી.

શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા 'નવોદીત મતદાતા યુવતી' સંમેલન યોજાશે

ડો. દર્શીતાબેન શાહ, દિપીકાબેન સરડવા, ઉવર્શીબેન પંડયા સહિતના મહિલા આગેવાનો માર્ગદર્શન આપશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૯

શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા, મહામંત્રી કિરણબેન હરસોડા, લીનાબેન રાવલની એક સંયુક્ત યાદીમાં જણાવાયું છે કે હાલ વિશેષ સંપર્ક અભિયાનના માધ્યમથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારની ૯ વર્ષની ઐતિહાસિક સિધ્ધીઓને પાર્ટીના કાર્યકર્તા જનતા સુધી પહોંચાડવા માટે કાર્યરત છે ત્યારે શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા આવતીકાલે તા.૩૦ ને શુક્રવારે સવારે ૧૧ કલાકે શહેરની કણસાગરા કોલેજ, કાલાવડ રોડ ખાતે વિધાનસભા-૬૯ના ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ, પ્રદેશ ભાજપ મહિલા મોરચાના પ્રભારી દિપીકાબેન સરડવા અને રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચાના પ્રભારી ઉવર્શીબેન પંડયાની ઉપસ્થિતિમાં અને શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા, મહામંત્રી કિરણબેન હરસોડા, લીનાબેન રાવલની આગેવાનીમાં નવોદીત મતદાતા યુવતી સંમેલન યોજાશે. આ સંમેલનમાં ડો. દર્શીતાબેન શાહ, દિપીકાબેન સરડવા અને ઉર્વશીબેન પંડયા કણસાગરા કોલેજની વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન આપશે. તો આ નવોદીત મતદાતા યુવતી સંમેલનમાં શહેર ભાજપ મહિલા મોરચાના તમામ શ્રેણીના કાર્યકર્તાઓને સમયસર ઉપસ્થિત રહેવા અનુરોધ કરતા શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા, મહામંત્રી કિરણબેન હરસોડા, લીનાબેન રાવલએ અનુરોધ કરેલ છે.

ધારાસભ્ય ઉદય કાનગડ દ્વારા અલ્પકાલીન વિસ્તારક યોજના ભોજન સમારોહ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૯

શહેર ભાજપ દ્વારા અલ્પકાલીન વિસ્તારક યોજના અંતર્ગત ઘર ઘર સંપર્ક અભિયાન કાર્યરત છે. ત્યારે વિધાનસભા-૬૮, રાજકોટ (પૂર્વ) ના ધારાસભ્ય ઉદય કાનગડ દ્વારા આર્યનગર કોમ્યુનિટી હોલ ખાતે અલ્પકાલીન વિસ્તારક યોજના ભોજન સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદય કાનગડ દ્વારા શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, પૂર્વ પ્રમુખ કમલેશ મિરાણીનું સન્માન કરાયું હતું. તેમજ આ તકે પૂર્વ મહામંત્રી કીશોરભાઈ રાઠોડ, શહેર ભાજપ ઉપપ્રમુખ રમેશ પરમાર, પરિમલ પરડવા, પુજાબેન પટેલ, શહેર ભાજપ મંત્રી ભગવતીબેન ધરોડીયા, નયનાબેન સોલંકી, ઈલાબેન પડીયાનું અભિવાદન કરેલ.આ તકે ડે. મેયર કંચનબેન સિધ્ધપુરા તેમજ વિધાનસભા-૬૮ના વિસ્તારક તન્મયભાઈ પટેલનું અભિવાદન કરવામાં આવેલ હતું.

શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, પૂર્વ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી અશ્વિન મોલીયા તેમજ શહેર ભાજપના નવનિયુક્ત પદાધિકારીઓનું કરાયું સન્માન

આ તકે ધારાસભ્ય ઉદય કાનગડએ શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી સહિત શહેર ભાજપના નવનિયુક્ત પદાધિકારીઓને અભિનંદન પાઠવીને શહેર ભાજપની નવનિયુક્ત ટીમ પાર્ટીના સંગઠનને વધુ મજબુત અને સુદઢ બનાવશે તેવી શુભેચ્છા આપેલ હતી.

આ અલ્પકાલીન વિસ્તારક યોજના ભોજન સમારોહમાં વિધાનસભા-૬૮ના તમામ વોર્ડના વોર્ડપ્રભારી, વોર્ડપ્રમુખ, મહામંત્રી, કોર્પોરેટરો તેમજ વિવિધ શ્રેણીના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમ જણાવ્યું છે.

શહેર યુવા ભાજપ દ્વારા વિવિધ વોર્ડમાં રક્તદાન કેમ્પ યોજાયો

ધારાસભ્ય ડો.દર્શીતાબેન શાહએ રક્તદાન કરી નવ વર્ષના શાસનને બિરદાવ્યું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૯

પ્રદેશ યુવા ભાજપ પ્રમુખ ડો. પ્રશાંતભાઈ કોરાટના માર્ગદર્શન હેઠળ ગુજરાતભરમાં ભાજપ યુવા મોરચા દ્વારા ડો. શ્યામાપ્રસાદ મુખરજી બલિદાન દિવસ નિમિતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હોય, બલિદાન સાપ્તાહ અંતર્ગત તા.૨૩ જૂનથી તા.૩૦ દરમ્યાન ગુજરાત પ્રદેશ યુવા મોરચા દ્વારા રાજયના તમામ ૫૮૦ મંડળ ખાતે રક્તદાન કેમ્પ યોજાયેલ હતો. તે અંતર્ગત રાજકોટ શહેર ભાજપ યુવા મોરચા દ્વારા શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીના માર્ગદર્શન હેઠળ શહેરના વોર્ડ નં.૧૨,૧૫ અને વોર્ડ-૧૭માં મેગા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ અને આ રક્તદાન કેમ્પો થકી બહોળી સંખ્યામાં રક્ત એકત્ર કરવામાં આવેલ.

ત્યારે યુવા મોરચાના પ્રમુખ કિશન ટિલવા, મહામંત્રી કુલદીપસિંહ જાડેજા, હેમાંગ પીપળીયાની આગેવાનીમાં વિવિધ વોર્ડમાં રક્તદાન કેમ્પ યોજાયેલ આ રક્તદાન કેમ્પનો શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ડો.દર્શીતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, મેયર ડો. પ્રદિપ ડવ, શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, રાજદીપસિંહ જાડેજા, ડે. મેયર કંચનબેન સિધ્ધપુરા, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા સહિતના અગ્રણીઓએ ઉપસ્થિત રહી દીપ પ્રાગટય કરી રક્તદાન કેમ્પનો પ્રારંભ કરાવ્યો હતો.આ તકે ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહએ રક્તદાન કરી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નવ વર્ષના શાસનને બિરદાવેલ હતું. આ તકે વિવિધ વોર્ડમાં વોર્ડના પ્રભારી, વોર્ડ પ્રમુખ- મહામંત્રી, કોર્પોરેટર, મોરચા-સેલના પ્રમુખ, મહામંત્રી તેમજ વિવિધ શ્રેણીના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ રક્તદાન કેમ્પને સફળ બનાવવા શહેર ભાજપ યુવા મોરચાના વોર્ડના પ્રમુખ-મહામંત્રી, શહેર કારોબારી સદસ્યો સહિત યુવા મોરચાની ટીમએ જહેમત ઉઠાવી હતી. તેમ જણાવ્યું છે.

સોમવારે બગદાણા ધામ ખાતે ગુરૂપૂર્ણિમા મહોત્સવનું આયોજન

(હરેશ જોષી દ્વારા)
ભાવનગર, તા.૨૯

બગદાણા ઋષિ,બગડેશ્વર મહાદેવ, બગડ નદી, બગદાણા ગામ અને બજરંગદાસ બાપા એમ પાંચ ''બ''ના શુભ સમન્વય વાળા પાવન ગામ બગદાણા ખાતે આગામી તા.૩ જુલાઈને સોમવારના રોજ ગુરૂપૂર્ણિમા મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવશે.

બગદાણા ગુરૂ આશ્રમની પાવન અને વર્ષોથી ચાલી આવતી ઉજવળ પરંપરાના આ મહોત્સવમાં મોટી સંખ્યામાં હજારો ભાવિક ભક્તજનો સામેલ થશે. ગુરૂ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાના આ ધન્ય અવસરની બગદાણા ખાતેના બજરંગદાસ બાપાના આશ્રમ ખાતે ગુરૂ પુનમ ધામધૂમ અને ભક્તિમય વાતાવરણ વચ્ચે ઉજવવામાં આવનાર છે.

આ ગુરૂપૂર્ણિમા મહોત્સવના બગદાણા ખાતે ઉજવવામાં આવનાર કાર્યક્રમોની ઘોષણા કરવામાં આવી છે. જે મુજબ તા.૩ ને સોમવાર (અષાઢી પૂનમ) ના રોજ મંગલા આરતી સવારે ૫ કલાકે, ધ્વજા પૂજન ૭ થી ૮ કલાક સુધી, ધ્વજારોહણ સવારે ૮ થી ૮:૩૦ કલાક સુધી, ગુરૂ પૂજન ૮:૩૦ થી ૯:૩૦ કલાક સુધી, રાજભોગ આરતી ૯:૩૦ થી ૧૦ કલાક સુધી જયારે ભોજન પ્રસાદ વિતરણ ૧૦ કલાકથી અવિરતપણે શરૂ રહેશે.

આ ગુરૂપૂર્ણિમા મહોત્સવમાં એક લાખથી પણ વધારે ભાવિક ભક્તજનો ઉપસ્થિત રહેનાર હોય તેમની વ્યવસ્થા અને તૈયારી માટે અહીં આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. ગત તા. ૨૫ ને રવિવારે ૩૦૦ ગામોના સ્વયંસેવકોના બબ્બે પ્રતિનિધિઓનો એક સંકલન મિટિંગ યોજાય હતી. જેમાં કાર્યક્રમની રૂપરેખા રજૂ કરીને કામગીરીની વહેંચણી કરવામાં આવી હતી.

જેમાં સૌ સ્વયંસેવકોએ ભાવવિભોર થઈને પોતાના ફાળે આવેલી સેવા અને કામગીરી બાપાસીતારામના નાદ સાથે સહર્ષ સ્વીકારી હતી.

આ સિવાય ગત તા.૨૭ ને મંગળવારે પ્રાંત અધિકારી શ્રી મહુવાની ઉપસ્થિતિમાં દરેક સરકારી વિભાગના અધિકારીઓ, કર્મચારી ઓની બેઠક કાર્ય સંકલન માટે મળી હતી.

જેમાં અલગ અલગ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમ જણાવ્યું છે.

સાયલા નજીક થયેલ ત્રણ કરોડ ૯૩ લાખની લૂંટ કેસમાં પકડાયેલ આરોપીની જામીન અરજી ફગાવતી કોર્ટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૯

સાયલા પોલીસ સ્ટેશનમાં તા.૧૮-૨-૨૦૨૩ ના રોજ રૂા. ૩,૯૩,૬૧,૩૧૮ ના ચાંદી તથા ઈમીટેશન જવેલરી લુંટની ફરિયાદ થતાં સુરેન્દ્રનગર એલ.સી.બી. દ્વારા આરોપી શાંતિલાલ અંતરસિંગ ચૌહાણ રહે. બધા મધ્યપ્રદેશ વાળાને તા. ૧૭-૬-૨૦૨૩ ના રોજ અટક કરેલ જે કેસમાં આરોપીએ કરેલ રેગ્યુલર જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી.

આ કેસની હકીકત એવી છેકે, રાજકોટ ન્યુઝ એર સર્વિસ નામની કંપનીના બોલેરો પીકઅપ વાહનમાં તા. ૧૭-૨-૨૦૨૩ ના રોજ ડ્રાઈવર અમિત શીવકુમાર સીંગ તથા કલીનર કુલ રૂા. ૩,૮૮,૪૩,૩૫૧ નું ૯૫૨ કિ.ગ્રા. ચાંદીના પાર્સલો તથા ચાંદીનાં ૨૦ થી ૨૫ કિ.ગ્રા. જવેલેરી તેમજ રૂા. ૧૨,૦૫,૯૬૭ નું ૭૦૪ કિ.ગ્રા. ચાંદીના પાર્સલો તથા ચાંદીના ૨૦ થી ૨૫ કિ.ગ્રા. જવેલરી તેમજ રૂા. ૧૨,૦૫,૯૬૭ નું ૭૦૪ કિ.ગ્રા. ઈમિટેશન જવેલેરીના ૩૦ પાર્સલ લઈને રાજકોટથી ચોટીલા થઇ રાત્રીનાં આશરે ૧૧ વાગ્યાએ સાયલા નજીક હાઇવે રોડ પર મોર્ડન સ્કુલ પાસે પહોંચતા બોલેરો પીકઅપની પાછળનાં એક અજાણી ગાડીનાં ચાલકે રોંગ સાઇડમાં ગાડી ઓવરટેક કરી આગળ ગાડી ઉભી કરી દીધેલ. આ વખતે બીજી ગાડીના ડ્રાઇવરે સાઇડમાં ગાડી ઉભી રાખી સફેદ ઝાયલો કારમાં બેઠેલ પાંચ ઇસમોએ નીચે ઉતરી ફરિયાદીને હાથે તથા માથે ઇજા કરી જીવલેણ હુમલો કરી ફરિયાદી તથા સાહેદનું અપહરણ કરી તેમની ઝાયલો કારમાં બેસાડી આંખે તથા હાથ-પગે કપડેથી પાટા બાંધી દઇ ગાડીમાં લઇ જઇ મુઢમાર મારી કોઇક ગામના કપાસનાં ખેતરમાં છોડી દઇ બોલેરો ગાડીમાં પાછળનાં દરવાજે મારેલ તાળું તોડી રૂા. ૩,૯૩,૬૧,૩૧૮ ના ચાંદી તથા ઈમીટેશન જવેલેરી લુંટ આચરેલ તે મતલબની એફ.આઈ.આર. ડ્રાઇવરે સવારનાં ૭:૩૦ વાગ્યાનાં અરસામાં સાયલા પોલીસ સ્ટેશનમાં ઇ.પી.કો. કોડની કલમ-૧૨૦(બી), ૩૪૧, ૩૬૫, ૩૯૫, ૩૯૭ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબની ફરિયાદ નોંધાવેલ હતી. આ કામમાં મુળ ફરિયાદીનાં એડવોકેટ સ્તવન જી. મહેતા દ્વારા લેખિતમાં વાંધો લેવામાં આવેલ હતો અને જણાવવામાં આવેલ હતું કે, હાલનાં આરોપીને પોલીસે અન્ય આરોપી સામે કરેલ ચાર્જશીટના કામે નાસતા-ભાગતા દર્શાવવામાં આવેલ છે જેથી જામીન પર છોડવામાં આવશે તો તેઓ ટ્રાયલ દરમ્યાન હાજર નહીં રહી અને હજુ અન્ય આરોપીઓ પકડવાના બાકી હોય તપાસ નાજુક તબક્કામાં હોય તેવામાં જો જામીન પર છોડવામાં આવશે તો આરોપી નાસી-ભાગી જાશે જે હકિકતને ધ્યાને લઇ આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજી કરેલ હતી. આ કામમાં કોર્ટ દ્વારા આરોપીનાં એડવોકેટ, સરકારી વકિલ તથા મુળ ફરિયાદ પક્ષના વાંધાઓ વિગતવાર સાંભળી એવા નિષ્કર્ષ પર આવેલ હતા કે, આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ હોવાનું ફલિત થાય છે અને જ્યારે અન્ય સહઆરોપીઓ મુદ્દામાલ કબજે કરવાના બાકી હોય તપાસ ચાલી રહેલ હોય અને આરોપી સામે ગંભીર આક્ષેપો અને સંજોગોની જોગવાઇ ધ્યાને લેતા આરોપીની જામીન અરજી રદ કરેલ હતી. આ કામે મુળ ફરિયાદ વતી રાજકોટનાં ધારાશાસ્ત્રી સ્તવન જી. મહેતા, કમલેશ ઉધરેજા, નિકુંજ શુકલા, બ્રિજેશ ચૌહાણ, કૃષ્ણ પટેલ, નિલરાજસિંહ રાણા તેમજ મદદનીશ તરીકે નિશાંત ચાવડા તથા સત્યજીતસિંહ જાડેજા તેમજ સરકાર પક્ષે સરકારી વકિલ વાય. જે. યાજ્ઞિક રોકાયેલ હતા.

દેહદાન મહાદાન

અવસાન નોંધ

રાજકોટ: મૂળ ઉપલેટા હાલ સુરત શ્રી ઔદીચ્ય સહસ્ત્ર ચીભડિયા બ્રહ્મસમાજના મધુબેન ગુણવંતરાય ઠાકર (ઉ.વ.૭૦) તે સ્વ.ગુણવંતરાય વૃજલાલ ઠાકરના પત્ની સ્વ.રવિશંકરભાઈ, સ્વ.વિનુભાઈના ભાભી, કમલેશભાઈ, સંજયભાઈ, મીનાક્ષીબેન બિપીનભાઈ રાવલ (ગોંડલ), હર્ષાબેન ગીરીશકુમાર ભટ્ટ (મુંગાવાવડી), રૂપલબેન આશિષકુમાર વ્યાસ (રાજકોટ) ના માતા સ્વ.બાલકૃષ્ણભાઈ નરભેરામભાઈ ભટ્ટના પુત્રી મહેશભાઈ, મનોજભાઈના બહેનનું તા.૨૮ ના રોજ અવસાન થયું છે. સદગતનું બેસણું તા.૩૦ ને શુક્રવારે સાંજે ૪ થી ૬, ગંગેશ્વર મહાદેવ મંદિર, માધવ પાર્ક, હરિકૃષ્ણ સોસાયટીની બાજુમાં બસ સ્ટેશન પાછળ ઉપલેટા રાખેલ છે.

રાજકોટ: જેતપુર નિવાસી હાલ રાજકોટ સ્વ.રસિકલાલ ચુનીલાલ પારેખ (જૈનકાંતિના સ્થાપક) ના પુત્ર સમીરભાઈ પારેખ (આર એન્ડ બી) ના જમાઈ અભયકુમાર (અમી ના પતિ-મલયના પપ્પા) પ્રવિણચંદ્ર કોરડીયા (ઉ.વ.૩૮) નું તા.૨૬-૬ ના રોજ ગોંડલ ખાતે અવસાન થયું છે. તેમની સાદડી તા.૩૦-૬ ને શુક્રવારના સાંજે ૫ થી ૭ કલાકે તેમના નિવાસસ્થાન પંચશીલ સોસાયટી સીટી ગાર્ડનીયા એપાર્ટમેન્ટ બ્રહ્માકુમારી ચોક માલવીયાનગર રાજકોટ ખાતે રાખેલ છે.

પડધરી નાગરિક બેંકના ચેરમેન પ્રધુમનભાઈ સાતાનો આજે જન્મદિવસ

રાજકોટ: પડધરી નાગરિક બેંકના સહ-કન્વીનર, પડધરી તાલુકા ભાજપના કાર્યકર્તા પ્રધુમનભાઈ સાતાનો આજે જન્મદિવસ છે. તેઓ હાલ પડધરી નાગરિક બેંકમાં ચેરમેનના પદ પર સેવા આપી રહેલ છે. પડધરી તાલુકા ભાજપમાં અગ્રણી કાર્યકર્તા છે. જેઓને આજે ૭૧ વર્ષ પૂર્ણ કરી ૭૨માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. વિવિધ સમાજના અગ્રણી તથા સંસ્થાઓના આગેવાનો તરફથી ૯૪૨૮૨૧૩૨૦૫ પર શુભેચ્છાઓ મળી રહી છે.

સૌરાષ્ટ્રના ૧૫ ડેમોમાં વધુ ૦૫ થી ૧૧ ફૂટ નવાનિરની આવક

રાજકોટ જિલ્લાનો વેણુ-૨ ડેમ પુરો ભરાઈ ગયોઃ ગમે ત્યારે દરવાજા ખોલાશેઃહેઠવાસના ગામોને ચેતવણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

સૌરાષ્ટ્રમાં પડી રહેલા સતત વરસાદનાં પગલે જળાશયોમાં પણ નવાનિરની આવક યથાવત રહી છે. અને છેલ્લા ૨૪ કલાક દરમ્યાન રાજકોટ, મોરબી, જામનગર, દ્વારકા, અને સુરેન્દ્રનગર જિલ્લાનાં ૧૫ ડેમોમાં વધુ ૦૫ થી ૧૧ ફુટ જેટલા નવા નિર ઠલવાયા છે.રાજકોટ જિલ્લાનાં૪ ડેમોમાં નવાનિર આવ્યા છે.

ઉપલેટા પાસેનો વેણુ-૨ ડેમ પુરો ભરાઈ ગયો છે. અને ગમે ત્યારે દરવાજા ખોલવા પડે તેમ છે. આથી હેઠવાસનાં ગામો માટે ચેતવણી જાહેર કરાઈ છે. દરમ્યાન છેલ્લા ૨૪ કલાકમાં રાજકોટના ફોફળમાં અર્ધો ફૂટ સોડવદરમાં ૧.૩૧ ફૂટ, સુરવોમાં ૩.૪૪ ફૂટ, અને ભાદર-૨માં દોઢ ફૂટ પાણી આવેલ છે.તેમજ મોરબી જિલ્લાનાં મચ્છુ-૨ ડેમમાં ૦.૩૯ ફુટ, અને બ્રાહ્મણી-૨ ડેમમાં સવાફૂટ નવું પાણી આવેલ છે. તથા જામનગર જિલ્લાના પણ પાંચ ડેમોમાં નવાનિર આવ્યા છે. જેમાં પન્નામાં પોણોફુટ, કુલઝર-૧માં દોઢફુટ, કુલઝર-૨માં ૧૧ ફૂટ , રંગમતીમાં એક ફૂટ અને વાડીસંગમાં પોણો ફૂટ નવું પાણી ઠલવાયું છે. ઉલ્લેખનિય છે કે જામનગર જિલ્લામાં છેલ્લા કેટલાંક દિવસોથી સારો વરસાદ પડી રહ્યો હોય જિલ્લાનાં ૨૨ ડેમોમાં ૨૪.૮૫ ટકા, જળ જથ્થો સંગ્રહ થઈ ગયો છે. જયારે,દ્વારકા જિલ્લાના ધી ડેમમાં ૦૫ ફૂટ અને સુરેન્દ્રનગરનાં ધોળીધજામાં એક ફુટ, લિંબડી ભોગાવો-૧ ડેમમાં ૩.૫ ફૂટ, અને ફલકુ-૧ ડેમમાં ૦.૧૬ ફુટ નવા પાણીની આવક થવા પામી છે.

સુરેન્દ્રનગર જિલ્લાના ૧૧ ડેમોમાં, હાલની સ્થિતિએ ૨૪.૫૦ ટકા પાણીનો સંગ્રહ થયેલો છે.

અમરેલી જિલ્લામાં ગાજવીજ સાથે અડધાથી સાડા ત્રણ ઇંચ વરસાદ

શેત્રુંજી નદીમાં પુર આવ્યુંઃ બાબરા તાલુકામાં વાવણી જોગ વરસાદથી ખેડૂતો ખુશઃ આગોતરા વાવેતરને મોટો ફાયદોઃ ચેકડેમો છલોછલ

અમરેલી, તા.૨૯ : અમરેલી જિલ્લામાં ગઈકાલે સતત ચોથા દિવસે પણ હળવાથી લઈને ભારે વરસાદ પડવાનાં વાવડ મળી રહ્યા છે. અમરેલીમાં બપોરનાં સમયે અચાનક ધસી આવેલ ઘટાટોપ વાદળો વચ્ચે રીમઝીમ વરસાદ થયો હતો. તેમજ વડિયા, બાબરા, જાફરાબાદ સહિતનાં અનેક વિસ્તારોમાં અર્ધાથી લઈને સાડા ત્રણ ઇંચ વરસાદ પડતાં સૌ કોઈ ખૂશીથી ઝુમી ઉઠયું છે.

અમરેલી જિલ્લામાં ગઈકાલે ફરી જામ્યો છે વરસાદી માહોલ. જેમાં જાફરાબાદ કોસ્ટલ બેલ્ટના વિસ્તાર તથા જાફરાબાદના ગ્રામ્ય વિસ્તારમાં લોર, હેમાળ, દુધાળા, પીંછડી, ફાચરીયા, એભલવડ, છેલણા, ભાડા, ટીંબી ગામમાં ધીમીધારે મેઘો મહેર કરી રહ્યો છે. રાજુલા કોસ્ટલ બેલ્ટના ગામડાઓમાં તથા રાજુલાના હિંડોરણા, ખાખબાઈ, કડીયાળી, માંડરડી, વિસળીયા, દાતરડી ગામમાં પણ ધીમીધારે વરસાદથી જગતના તાત ખુશખુશાલ જોવા મળી રહ્યો છે.

લાઠી પંથકમાં ધીમીધારે મેઘ સવારી શરૂ થતાંલાઠી, દામનગર સહિતના ગામોમાં ધીમીધારે વરસાદથી વાવેતર બાદ કાચા સોના રૂપી વરસાદ પડતાં ખેડૂતો ખુશખુશાલ જોવા મળ્યા હતાં.

સાવરકુંડલાના ધોબા, પીપરડી, ફિફાદ, ભમોદ્રા ગામમાં વરસાદ પડયો હતો જેને લઈ ધોબાની મેરામણ નદીમાં પૂર આવ્યું હતું. જયારે ફિફાદ નજીક પસાર થતી શેત્રુંજી નદીમાં સંધ્યા ટાણે પુર આવતા પ્રથમ પુર જોવા લોકોનાં ટોળેટોળા ઉમટયા હતા.

વડિયામાં બપોર બાદ મેઘરાજાની ધમાકેદાર ઇનિંગ જોવા મળી હતી. જેમાં બપોર બાદ વાતાવરણ પલટાઈને ૮૭ એમએમ (૩.૫ ઇંચ) જેટલો વરસાદ નોંધાયો હતો. બીજી બાજુ સામાન્ય વરસાદથી ખેડૂતોએ વાવણી કર્યા બાદ મૂરજાતા પાકથી ચિંતિત ખેડૂતો ચાતક નજરે વરસાદની રાહ જોતા હતા. તેના પાકને ભરપેટ પાણી મળતા ખેડૂતોના હૈયે જાણે હરખની હેલી છુટી હોય તેવો માહોલ જોવા મળ્યો હતો.

બપોરબાદ જોરદાર વરસાદ શરૂ થતાં અષાઢી માહોલ સર્જાયો હતો. બાબરામાં શહેરમાં જોરદાર વરસાદનું ઝાંપટું પડી જતા થોડીવારમાં અધડા ઇંચ પાણી પડી જતા શહેરની બઝારોમાં પાણી દોડવા લાગ્યું હતું. તેમજ ગ્રામ વિસ્તારમાં ચમારડી, ઉંટવડ, ચરખા, વાવડી, દરેડ, ખાખરીયા સહિતના ગામડાઓ પણ જોરદાર એક ઇંચ વરસાદ પડતાં ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી હતી અને આગામી દિવસોમાં હજુ સારા વરસાદની આશા સેવી હતી. બાબરા તાલુકાના પાંચાલ વિસ્તારના કીડી ગામે મેઘરાજાનું જોરદાર આગમન થતા એક કલાકમાં બે ઇંચ વરસાદ પડતાં વાડી, ખેતરમાં પાણી ભરાયા હતા અને ઓગન વહેતા થયા હતા. તેમજ ચેક ડેમ અને નદીઓ વહેતી બનતા સ્થાનિક લોકો અને ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ હતી.વાવણીલાયક વરસાદ પડી જતા સૌ કોઈ આનંદથી ઝૂમી ઉઠયા હતા.

બગસરા પંથકમાં ગઈકાલે ૧.૫ ઇંચ જેવો વરસાદ વરસ્યો છે. બગસરાના ગોંડલીયા ચોક, સ્ટેશન રોડ, મેઈન બજારમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળ્યા હતા તેમજ આસપાસનાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદી ઝાંપટાનો માહોલ જોવા મળ્યો હતો.

સ્થાનિક રહેવાસીઓને ફાયર સેફટી અંગે તાલીમ અપાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

રાજકોટ મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા શહેર વિસ્તારમાં આવેલ હાઇરાઇઝ બિલ્ડીંગમાં લગાવવામાં આવતી ફાયર સેફટીના સાધનો જે બિલ્ડીંગમાં રહેતા લોકોને જાગૃતી માટે તા.૨૮/૬ નાં રોજ સંસ્કાર વિલા, ૮૦ ફુટ રોડ, રેલનગર, ખાતે ફાયર સેફટીની મોકડ્રીલનું આયોજન કરવામા આવેલ, આ મોકડ્રીલમાં અંદાજે ૫૦ થી ૫૫ રહેવાસીઓ જોડાયેલ. જે મોકડ્રીલમાં બિલ્ડીંગમાં લગાવવામાં આવેલ ફાયર સીસ્ટમ અને ફાયર સેફટીના સાધનોને આગ લાગે ત્યારે કઇ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઇએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સીસ્ટમ અને સાધનો તથા ફાયર એક્સ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી અને કઇ રીતે પોતાનો તથા અન્યનો બચાવ કરવો તે અંગે માર્ગદર્શન અને મોકડ્રીલનું આયોજન કરવામાં આવેલ હતું.

મેરા બુથ સબસે મજબુત : નરેન્દ્રભાઇ મોદી દ્વારા બુથ કાર્યકર્તાઓ સાથે સંવાદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯: દેશના ખુણે ખુણે કરોડો કાર્યકર્તાઓ દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારની ૯ વર્ષની ઐતિહાસિક સિધ્ધીઓને જનતા સુધી પહોંચાડવા વિવિધ કાર્યક્રમો અપાઇ રહ્યા છે. તે અંતર્ગત ૫૪૩ લોકસભા મતક્ષેત્રોમાંથી પસંદ થયેલ કાર્યકર્તાઓનો એક કાર્યક્રમ ભોપાલ (મધ્યપ્રદેશ) ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ઉપસ્થિત રહી દેશભરના કાર્યકર્તાઓને સંબોધયા હતા. અને આ કાર્યક્રમમાં વર્ચ્યુઅલ માધ્યમથી દેશભરના તમામ કાર્યકર્તાઓ સાથે જોડાયા હતા. આ તકે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ મેરા બુથ સબસે મજબૂત વિષય ઉપર દેશના તમામ કાર્યકર્તાઓને વિસ્તૃત માર્ગદર્શન આપેલ હતું. તેમજ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડાએ પ્રાસંગીક ઉદ્બોધન કરેલ. આ વર્ચ્યુઅલ કાર્યક્રમનું રાજકોટના તમામ વોર્ડમાં જીવંત પ્રસારણ કરાયું હતું. વિવિધ વોર્ડમાં શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, સાંસદ મોહનભાઇ કુંડારીયા, રામભાઇ મોકરીયા, ધારાસભ્ય ઉદય કાનગડ, ડો. દર્શીતાબેન શાહ, રમેશભાઇ ટીલાળા, પ્રદેશ ઉપાધ્યક્ષ ભરતભાઇ બોઘરા, શહેર ભાજપ પ્રભારી પ્રકાશભાઇ સોની, મેયર ડો. પ્રદીપ ડવ, પ્રદેશ ભાજપ મંત્રી બીનાબેન આચાર્ય, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઇ પટેલ, મહામંત્રી અશ્વિન મોલીયા, માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા સહીતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ વિવિધ વોર્ડના શહેરના હોદ્દેદારો, વોર્ડ પ્રમુખ, મહામંત્રી, પ્રભારી, વોર્ડના કોર્પોરેટરો, મોરચાના પ્રમુખ, મહામંત્રીઓ, સેલ સંયોજકો, સહ સંયોજકો, શિક્ષણ સમિતિના સદસ્યો તેમજ વિવિધ શ્રેણીના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મિલ્કત સંદર્ભે રજીસ્ટર્ડ સાટાખત અંગેના કરારનું પાલન કરવા અંગે થયેલ દાવાને સિવિલ કોર્ટે રદ્દ કર્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

મકાનના રજીસ્ટર્ડ સાટાખત અંગેનો કરારના વિશીષ્ટ પાલન કરવા અંગેનો દાવો સીવીલ કોર્ટે નામંજુર કર્યો હતો. કેસની વિગત એવી છે કે રાજકોટ શહેરના કોર્પોરેશનની હદમાં માર્કેટીંગ યાર્ડ પાસેના રેવન્યુ સર્વે નં. ૧૩૪ પૈકીની જમીન ચો.મી.આ. ૩૬૦૯૬-૦૦ ઉપર હુડકો સ્કીમ હેઠળ બાંધવામાં આવેલ કવાર્ટર પૈકી જમીન ચો.મી.આ. ૩૩-૪૨ ઉપરના કવાર્ટર નં. એલ-૧/૨૮ નુ કવાર્ટર જેન્તીલાલ જેસીંગભાઈ ચૌહાણની માલીકી અને કબજા ભોગવટાનુ આવેલ જે સબંધે જેન્તીલાલ ચૌહાણના કુલમુખત્યાર કેતનભાઈ ખેંગારભાઈ પરમાર દ્વારા સદરહુ મીલ્કત અંગે રાજકોટ સબ રજીસ્ટ્રાર કચેરી ઝોન-૨ સમક્ષ નોંધવામાં આવેલ હતુ જે સાટાખત વિનોદભાઈ મેઘજીભાઈ હેરમાની

તરફેણમાં કરી આપવામાં આવેલ હતુ સદરહુ સાટાખત અંગે મીલ્કતની કુલ રકમ રૂા. ૩,૦૦,૦૦૦ નકકી કરવામાં આવેલ હતી જે માંહેની મીલ્કત ખરીદનાર દ્વારા રકમ રૂા. ૩૦,૦૦૦ સુથી પેટે આપેલ હતા. આમ, સદરહુ રજીસ્ટર્ડ સાટાખત મુજબ જેન્તીલાલ ચૌહાણ તથા તેના કુલમુખત્યાર કેતનભાઈ પરમાર સાટાખતનુ પાલન કરતા ન હોય જેથી વિનોદભાઈ હેરમા દ્વારા રાજકોટ સીવીલ કોર્ટમાં સ્પે. દિવાની કેસ નં. ૫/૨૦૦૮ થી રજીસ્ટર્ડ સાટાખત કરારનુ વિશિષ્ટ પાલન કરાવવા અને નુકશાનીની રકમ પરત મળવા અંગેનો દાવો દાખલ કરેલ હતો.

આ દાવા સબંધે કોર્ટ દ્વારા જેન્તીલાલ ચૌહાણ અને તેના કુલમુખત્યાર કેતનભાઈ પરમારનુ સમન્સ કરી કોર્ટમાં હાજર રહેવા નોટીસ કરેલ હતી જે સમન્સના આધારે તેઓ કોર્ટમાં હાજર થયેલ અને પોતાના વકીલ મારફત કોર્ટમાં એવો બચાવ લીધેલ હતો કે, સબરજીસ્ટ્રાર કચેરીમાં જે સાટાખત કરેલ છે તે બોગસ કુલમુખત્યારનામાને આધારે જેન્તીલાલ ચૌહાણની માલીકીની મીલ્કત પચાવી પાડવા માટે વિનોદભાઈ હેરમા અને કેતનભાઈ પરમાર દ્વારા કરવામાં આવેલ છે. તકરારી મીલ્કત જેન્તીલાલ ચૌહાણને કયારેય વેચાણ કરવાની જરૂરીયાત ઉપસ્થીત થયેલ નથી.

તેમજ જે મુખત્યારનામુ બનાવવામાં આવેલ છે તે મીલ્કત ખરીદનાર અને તેના મળતીયા કેતનભાઈ પરમાર દ્વારા ખોટુ બનાવટી અને બોગસ ઉભુ કરવામાં આવેલ છે તથા જેન્તીભાઈ ચૌહાણ જે તે સમયે માનસીક બીમાર હોય કુલમુખત્યારનામુ કરી આપવા સક્ષમ ન હોય જેથી વાદી વિનોદભાઈ હેરમાનો કરારનુ વિશિષ્ટ પાલન કરવા અંગેનો દાવો કોર્ટ એ નામંજુર કરવો જોઈએ. તેવો દાવાનો જવાબ રજુ રાખેલ.

ત્યારબાદ સદરહુ દાવો કોર્ટમાં ચાલી જતા વાદી વિનોદભાઈ હેરમા દ્વારા તેમનો પુરાવો રજુ કરતા જેન્તીભાઈ ચૌહાણના એડવોકેટ સુમીત ડી. વોરા દ્વારા તેમની ઉંડાણ પુર્વક ઉલટતપાસ કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ કેસમાં પક્ષકારોની દલીલ સાંભળી કોર્ટ દ્વારા ચુકાદો આપવામાં આવેલ જે ચુકાદામાં કોર્ટ દ્વારા હેલ્ડ કરવામાં આવેલ કે, વિનોદભાઈ હેરમા દ્વારા સાટાખત થયા બાદ જેન્તીભાઈ ચૌહાણને કોઈ જ રકમ આપેલ હોય તેવુ સાબીત થતુ ન હોય તેમજ રકમ ચુકવ્યા સબંધે પ્રતિવાદી દ્વારા વાદીને કોઈ જ પહોંચ કરી આપેલ ન હોય જેથી વાદી પ્રતિવાદીને રકમ ચુકવવામાં નિષ્ફળ ગયેલ હોય તથા વાદીના પુરાવાથી ઉલટતપાસમાં કોન્ટ્રાડિકટરી પુરાવો આપતા હોય તેથી વિશેષ રકમ આપ્યાનુ પુરવાર થતુ ન હોય તેમજ પ્રતિવાદી ગરીબ વ્યકિત હોય તેમને મકાન વેચાણ કરવાની કયારેય જરૂરીયાત ઉપસ્થીત થયેલ ન હોય તથા વાદી વિનોદભાઈ હેરમા તથા કુલમુખત્યાર કેતનભાઈ પરમાર એકબીજાના કોલ્યુઝનમાં કેસ કરેલ હોવાનુ સ્પષ્ટ થતુ હોય જેથી વાદી વિનોદભાઈ હેરમાનો કરારનો વિશિષ્ટ પાલન કરવાનો દાવો રાજકોટના મહેરબાન ૧૧માં સીનીયર સીવીલ જજ વી. આર. ચૌધરી સાહેબ દ્વારા નામંજુર કરવામાં આવેલ જેમાં પ્રતિવાદી જેન્તીભાઈ ચૌહાણ તરફે વકિલ સુમીત ડી. વોરા, ધર્મેશ જી. સખીયા, નિખીલભાઈ ઝાલાવડીયા, તુષાર સખીયા તથા લીગલ સહાયક તરીકે કૃપાલી રામાણી રોકાયેલ હતા.

ગુરૂપુર્ણિમાએ ગીતા વિદ્યાલયમાં કથ્થક નૃત્યનો સાંસ્કૃતિક કાર્યક્રમઃ પુજન સન્માન, સંકીર્તન



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯: શહેરના જંકશન પ્લોટ ખાતે શ્રીમનહરલાલજી મહારાજ સ્થાપિત સેવા સંસ્થા ગીતા વિદ્યાલય ટ્રસ્ટ ગીતા મંદિરમાં અષાઢસુદ પુનમને સોમવાર તા.૩ જુલાઇના રોજ સાંજે ૫:૪૫થી ૭:૩૦ દરમ્યાન ભાવસભર વાતાવરણમાં શ્રધ્ધાભકિતપુર્વક ગુરૂપુર્ણિમા મહોત્સવ ઉજવાશે. ધૂપ-દીપ અને પુષ્પોની સુવાસથી મહેકતા ગીતા વિદ્યાલયના પ્રાર્થના સત્સંગ સભાખંડમાં ભગવદગીતાના અધ્યાય ૧૨ અને ૧૫ ના સામુહિક ગીતાપાઠ થશે. આ તકે સંગીતનૃત્ય નાટય વિદ્યાલયની છાત્રાઓ પારંપારિક વેશભુષા સાથે ભકિતસંગીત ઉપર કથ્થક નૃત્યનો સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરશે. નિઃશુલ્ક ઉનાળુ છાશકેન્દ્રના દાતાઓનું તથા સ્વયંસેવકોનું પારિતોષિક વિતરણ દ્વારા સન્માન થશે. સંસ્થાની વર્ષભરની પ્રવૃતિઓનો અહેવાલ તથા આગામી આયોજનોની માહિતી રજુ થશે. ગુરૂમહિમા વિષે પ્રેરક ઉદબોધન તથા સંસ્કૃત સ્ત્રોતગાન થશે. ભગવદગીતા, શ્રીકૃષ્ણ પરમાત્મા તથા સદગુરૂદેવનું મંત્રોચ્ચાર સાથે પુજન અર્ચન થશે. હાર્મોનિયમ, ઢોલક, તબલા, વગેરે પારંપરિક વાજિંત્રો સાથે ગીતા વિદ્યાલય પરિવારનું છેલ્લા ૭૧ વર્ષોથી સુખ્યિાત ભાવસમાધિ પ્રેરતું સંગીતમય ભવ્ય સંકીર્તન થશે. કાર્યક્રમને અંતે સમષ્ટિના કલ્યાણની પ્રાર્થના થશે. આ પ્રસંગે વિષ્ણુસહસ્ત્રનામ સ્ત્રોત તથા સંત તુલસીદાસજીના જીવનચરિત્રની પુસ્તિકા, ભગવદગીતાની સંગીતમય ઓડીયો સીડીનું રાહતદરે વિતરણ થશે. જયા છેલ્લા ૬ દાયકાથી ભગવદગીતા અને માનવસેવાનો ગુંજારવ થઇ રહ્યો છે. તેવા દેવસ્થાન ગીતા વિદ્યાલય ગીતા મંદિરમાં ગુરૂપુર્ણિમા મહોત્સવમાં સહભાગી થવા સર્વે ભાવિકોને ગીતા વિદ્યાલય પરિવારે હાર્દિક અનુરોધ કરેલ છે.

પોકસો-એટ્રોસિટી કેસમાં આરોપીને જામીન પર મુકત કરતી સેશન્સ કોર્ટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

રાજકોટના શહેરના પ્રદયુમન ગ્રીન સીટી, સર્વન કવાટર, ડીટાવર બિલ્ડીંગ નીચેના ભાગે રહેતા ફરીયાદી એ પોતાની સગીર વયની ૧૬ વર્ષ અને ૬ માસની પુત્રીને લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે અપહરણ થયા અંગેની ફરીયાદ રાજકોટના તાલુકા પોલીસ સ્ટેશનમાં આઈપીસી. કલમ ૩૬૩, ૩૬૬,૩૭૬(૨)એન અને પોકસો એકટ ની કલમ ૬ અને એટ્રોસીટી એકટની કલમ ૩(૨)(૫) મુજબની ફરીયાદ રાજકોટના તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી હતી.

જે કામે આ કામના આરોપી હાર્દિક ઉર્ફે કાનો રાજેશભાઈ કાચરોલાની પોલીસ દ્વારા તા.૧૫/૫/૨૦૨૩ ના રોજ ધરપકડ કરવામા આવેલ અને કોર્ટ સમક્ષ રજુ કરતા તેને તે દીવસથી જેલ હવાલે કરવામાં આવેલો જેને રાજકોટ સેસન્સ કોર્ટ દ્વારા જામીન ઉપર મુકત કરવાનો હુકમ ફરમાવેલ છે.

આ કેસની ટૂંકમાં હકીકત એવી છે કે આ કામના ફરીયાદીએ પોતાની સગીર વયની દિકરીને અપહરણ કરી લગ્ન કરવાની લાલચ આપી, પટાવી, ફોસલાવી બદનામ કરવાના ઈરાદે ભગાડી જવા અંગેની ફરીયાદ નોંધાવેલી હતી. જેથી આ કામના આરોપી હાર્દિક ઉર્ફે કાનો રાજેશભાઈ કાચરોલાને પકડી પાડી રાજકોટની કોર્ટમાં રજુ કરતા આરોપી ઉપર ભોગ બનનારને અવાર નવાર શરીર સંબંધ બાધી ભોગ બનનારને ગર્ભ રાખી દેવા સબબ કલમ ઉમેરલ થયેલ અને આરોપીને જજ ન્યાયીક હીરાસતમા મોકલવાનો હુકમ ફરમાવેલ હતો. ત્યારબાદ આરોપીએ જામીન પર મુકત થવા માટે જામીન અરજી રાજકોટ સેશન્સ કોર્ટમાં ગુજારેલ હતી જે જામીન અરજીમા આરોપી હાર્દિક ઉર્ફે કાનો રાજેશભાઈ કાચરોલા વતી રોકાયેલ એડવોકેટ રણજીત બી. મકવાણા દ્વારા કરવામાં આવેલી રજુઆતો તેમજ વડી અદાલતના રજુ રાખેલ ચુકાદાઓને ધ્યાનમા લઈ સેસન્સ કોર્ટે આ કામના આરોપીને જામીન ઉપર મુકત કરવાનો હુકમ ફરમાવેલ છે. આ કામમાં આરોપી વતી યુવા એડવોકેટ રણજીત બી. મકવાણા, જીજ્ઞેશ એમ.સભાડ નરેન્દ્ર બાવળીયા રોકાયેલા હતા.

દેવપોઢી એકાદશીઃ ચાર્તુમાસ વ્રત શરૂ

અષાઢ સુદ ૧૧ દેવશયની એકાદશીથી દેવઉઠી એકાદશી સુધી લેવાતા વ્રતને ચાતુર્માસવ્રત કહેવામાં આવે છે. આ વ્રતમાં ઉપવાસ અથવા એકટાણા કરવામાં આવે છે. અને શ્રીવિષ્ણુ પુજન અને મંત્રનું મહત્વ ઘણું છે. આ દિવસે પવિત્ર થઇને ઉલ્લાસ પુર્વક શ્રી વિષ્ણુનું પુજન કરવું

ભગવનાની મુર્તિને પંચામૃતથી સ્નાન કરાવી, પુષ્પચડાવી, ધુપદીપ કરીને પ્રાર્થના કરવી કે હે લક્ષ્મીપતિ આજ આપ શયન કરો છો, તે સાથે જ જગત પણ શમણ કરે છે. તો પ્રભુ અમારા ઉપર કૃપા કરજો. આ વ્રતમાં ચાર મહિના હરીસ્મરણ કરી વ્રત કરે છે. તે સુર્ય-જેવો તેજસ્વી થઇને વિષ્ણુલોકમાં જાય છે અને શ્રી સ્વામિનારાયણ ભગવાનના જનમંગલના પાઠ કરે છે. તે તેજસ્વી થઇને વિષ્ણુ લોકમાં જાય છે. બ્રાહ્મણોને બ્રહ્મભોજન કરાવડાવુ. ભાદરવા માસમાં દહીં આસોમાસમાં દુધ, અને કારતક સુદ ૧૧ના દિવસે ઉપવાસ કરે છે. તે વ્યકિત ઉતમ ગતીને પામે છે. સવાર સાંજે શ્રીવિષ્ણું ભગવાનનું પુજન કરવાથી શ્રી વિષ્ણુભગવાન તેને વૈકુંઠમાં લઇ જાય છે અને શ્રી હરીનું સ્મરણ કરવાથી વ્યકિતના આત્માનું કલ્યાણ થાય છે. આ દિવસે શ્રીવિષ્ણુભગવાન અને શ્રી હરિનું ભજન તેમજ પુજન, સ્મરણ કરવું.

સંકલનઃ શાસ્ત્રી બટુક મહારાજ
(સ્વામિનારાયણ મંદિરના પૂજારી કાળીપાટ)

વરસાદી માહોલ જામતા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આહલાદક દ્રશ્યો સર્જાયા

પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઉઠી : નર્મદામાં રાજપીપળા સહિત સમગ્ર જિલ્લામાં વરસાદ

નવી દિલ્હી, તા. ૨૯

નર્મદામાં રાજપીપળા સહિત સમગ્ર જિલ્લામાં વરસાદ ખાબક્યો છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં વરસાદી માહોલ જામતા આહલાદક દ્રશ્યો સર્જાયા છે. જેમાં ડુંગર વિસ્તારમાં વરસાદથી માહોલ ખુશનુમા બન્યો છે. રાજપીપળા સહિત સમગ્ર જિલ્લામાં છૂટો છવાયો વરસાદ નોંધાયો છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે વરસાદી માહોલ જામતા પ્રવાસીઓમાં આનંદ છવાયો છે. જેમાં ડુંગર વિસ્તારમાં વરસાદથી આહલાદક માહોલ જોવા મળ્યો છે. સમગ્ર પંથકમાં બે દિવસથી વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું છે. નર્મદા જિલ્લો ૪૩ ટકા વનવિસ્તાર ધરાવતો જિલ્લો છે અને અહીં સારો વરસાદ પડ્યો છે. જેના કારણે જંગલ વિસ્તારમાં આવેલા સ્ટેચ્યુ ઓફ યુનિટીની આજુબાજુ પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઉઠી છે. હાલ સારા વરસાદ બાદ સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં પણ જંગલની મજા માણવા પ્રવાસીઓનો ધસારો જોવા મળી રહ્યો છે. પ્રકૃતિના સૌંદર્યને કારણે જ નર્મદાને મિનિકાશ્મીર તરીકે પણ ઓળખવામાં આવે છે. ચોમાસાની સિઝનમાં નર્મદા જિલ્લાનું સૌંદર્ય ખૂબ જ અદભુત હોય છે. તેમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી અને તેની આજુબાજુના સાતપુડા અને પહાડો અને એની વચ્ચે ગુજરાત રાજ્યની જીવાદોરી સરદાર સરોવર નર્મદા ડેમના સમગ્ર વિસ્તારનું દ્રશ્ય જો એક અદ્ભુત લહાવો છે. તેમાંય જો ચોમાસાની સિઝન ચાલતી હોય ત્યારે વાત જ અલગ હોય છે. અત્યારે ભરપૂર વરસાદના કારણે ચોમાસાની સિઝન ચાલી રહી છે. જેના કારણે અહીંયાના ડુંગરો લીલાછમ બની ગયા છે. સાથે સાથે જંગલમાં વહેતા ઝરણાં પણ પાણીથી ભરપૂર રહ્યા છે.

રાજ્ય સરકારે લાલ ડુંગળી પકવતાં ખેડૂતો માટે જાહેર કરેલા સહાય પેકેજનો સમયગાળો લંબાવ્યો

ગાંધીનગર.તા.૨૯

કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું છે કે,ખેડૂતોના હિતને વરેલી ગુજરાત સરકારે રાજ્યમાં લાલ ડુંગળી પકવતા અને તેનું સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓની એ.પી.એમ.સી.માં વેચાણ કરતા ખેડૂતોને પ્રતિ કિલો બે રૂપિયાની આર્થિક સહાય કરવાનો ખેડૂત હિતલક્ષી નિર્ણય કર્યો હતો.આ પેકેજનો વધુને વધુ ખેડૂતો લાભ લઈ શકે એ માટે પેકેજનો સમયગાળો લંબાવવાનો રાજય સરકારે વધુ એક ખેડૂત હિતલક્ષી નિર્ણય કર્યો છે.

મંત્રી પટેલે ઉમેર્યું કે,આ સહાય પેકેજનો લાભ મેળવવા માટે ખેડૂતોએ તા. ૧૪ ફેબ્રુઆરીથી ૦૬ માર્ચ, ૨૦૨૩ સુધીના સમયગાળામાં પોતાના ખેતરમાં ઉત્પાદિત થયેલી લાલ ડુંગળીનું એ.પી.એમ.સી.માં વેચાણ કર્યું હોય તેવા ખેડૂતોને જ આ લાભ મળવાપાત્ર રહેશે, તેમ જાહેર કરાયું હતું.આ બાબતે વિવિધ ખેડૂત સંગઠનો દ્વારા કરાયેલી માંગણીને ધ્યાને લઇ રાજ્ય સરકાર દ્વારા સમયગાળાની મર્યાદાને વધારીને હવે તા.૧૪/૦૨/૨૦૨૩ થી તા. ૩૧/૦૫/ ૨૦૨૩ સુધી કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે.કતેમણે ઉમેર્યું કે,આ નિર્ણયના પરિણામે આ સમયગાળા દરમિયાન પોતાના ખેતરમાંથી ઉત્પાદિત થયેલી લાલ ડુંગળી ખેતરથી એ.પી.એમ.સી.માં જ વેચાણ કરી હોય તેવા અન્ય ખેડૂતોને પણ આવરી લેવામાં આવશે. નવા સમયગાળામાં આવરી લેવાયેલા ખેડૂતો આઇ-ખેડૂત પોર્ટલ (https://ikhedut.gujarat.gov.in/) ઉપર ઓનલાઈન અરજી કરી શકે તે માટે પોર્ટલ આગામી તા. ૨૬/૦૭/૨૦૨૩ સુધી ખુલ્લુ મૂકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

ઓવરલોડ અને હેવી વાહનો સામે ટ્રાફિક પોલીસની લાલ આંખ: ૪૨ વાહનો ડિટેઈન

રાજકોટઃ રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ભારે વાહનો ઓવરલોડ ભરી બેફામ દોડી રહ્યા છે જેના કારણે અનેક વખત અકસ્માતોના બનાવ સામે આવતા હોય છે. ત્રણ દિવસ પૂર્વે રાજકોટમાં ડમ્પરની હડફેટે તબીબી યુવતીનું અકસ્માતે મોત થતા રાજકોટ ટ્રાફિક પોલીસે બેફામ દોડતા ભારે વાહનો વિરૂધ્ધ લાલ આંખ કરી બે દિવસમાં ૪૨ વાહનો ડિટેઈન કરી કાર્યવાહી હાથ ધરી છે. રાજકોટ શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવની સૂચનાથી ટ્રાફિક એસીપી દ્વારા સ્પેશિયલ ડ્રાઈવ ચલાવી બેફામ દોડતા ડમ્પર વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ ટ્રાફિક ડ્રાઇવમાં બે દિવસ ડેમિયન ઓવર સ્પીડ તેમજ ઓવર લોડ માલસામાન ભરી ચાલતા કુલ ૪૨ જેટલા ટ્રકો ડિટેઈન કરવામાં આવ્યા હતા . તમામ ડિટેઈન કરેલા વાહનો શીતલ પાર્ક ખાતે ટ્રાફિક પોલીસના ટોઈંગ સ્ટેશન ખાતે રાખવામાં આવેલ હતા. ભારે વાહનો વિરૂધ્ધ આ ટ્રાફિક ડ્રાઈવ ચાલુ રાખવા ટ્રાફિક વિભાગને ખાસ સૂચના આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, રાજકોટ શહેરમાં અનેક વિસ્તારોમાં પાણીના ટેન્કરો ચાલી રહ્યા છે. આ પાણીના ટેન્કરો પણ શહેરી વિસ્તારમાં ઓવર સ્પીડથી ચાલતા હોય છે ત્યારે તેમની સામે પણ કાર્યવાહી થવી જરૂરી છે. કારણ કે અન્યથા આ ટેન્કરો પણ કોઈના અકસ્માતે મોતનું કારણ બની શકે તેમ છે. બે દિવસથી ચાલતી આ ડ્રાઇવ વધુ મજબુત બનાવવામાં આવે અને કડક ચેકીંગ કરવામાં આવે તો ડમ્પરો તેમજ ટ્રક હડફેટે બનતા અકસ્માત અને ફેટલના બનાવોમાં જરૂરથી ઘટાડો નોંધાઇ શકે તેમ છે. માટે આ નિર્ણય લઇને આ ડ્રાઇવ કાયમી ધોરણે યથાવત રાખવી જોઈએ અને સમયાંતરે ચેકીંગ પણ અધિકારીઓ દ્વારા થવું જરૂરી છે.

૪૨ ટકા મોંઘવારી ભથ્થુ ચુકવવાનો નિર્ણય નહીં લેવા મુદ્દે

એસ.ટી કર્મચારી યુનિયનોએ ફરી લડતનો ધોકો પછાડયો

દસ દિવસમાં ચૂકવવાનો નિર્ણય નહીં લેવાયતો સંકલન સમિતિ દ્વારા હડતાલની ચિમકી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

ગુજરાત રાજય એસ.ટી. કર્મચારીઓના ત્રણ યુનિયનોની બનેલી સંયુકત સંકલન સમિતિએ ફરી એકવાર મોંઘવારી ભથ્થુ સહિતના પ્રશ્નો અંગે લડતની ચિમકી ઉચ્ચારી છે. અને એસ.ટી. કર્મચારીઓને દસ દિવસમાં ૪૨ ટકા મોંઘવારી ભથ્થુ ચુકવવાનો નિર્ણય નહીં લેવાય અને વાહનવ્યવહાર મંત્રી હવે તુરંત જ યુનિયન નેતાઓને સમય નહીં આપે તો, દશદિવસ બાદ સંકલન સમિતિ હડતાલ સહિતનાં લડતના કાર્યક્રમો જાહેર કરશે. તેવું સંકલન સમિતિના હોદેદારોએ જણાવેલ હતું.

તેઓએ એવું પણ જણાવેલ હતું કે, હાલમાં જ એસ.ટી. મંચારીઓના પ્રશ્ને મુખ્યમંત્રીને લેખીત રજૂઆત કરી હતી. જેમાં, જણાવાયું હતું કે, એસ.ટી.નિગમના કામદારોને વખતો વખત થતાં સેટલમેન્ટની જોગવાઈ અનુસાર ગુજરાત સરકારના કર્મચારીઓને જે ધરાધોરણ અને શરતો મુજબ મોંઘવારી ભથ્થુ ચુકવાય છે તે મુજબ મોંઘવારી ભથ્થુ મળવાપાત્ર થાય છે.

ગુજરાત સરકાર કર્મચારીઓને છેલ્લે કરવામાં આવેલ સત્તાવાર જાહેરાત મુજબ કુલ.૪૨% મોંઘવારીના ભથ્થ ચુકવવામાં આવશે અને ચઢત મોંઘવારી ભથ્થાની એરીયર્સની રકમ ત્રણ હમામાં ચુકવવામાં આવશે. જેની સામે એસ.ટી. નિગમના કામદારોને ૭મા પગારપંચ મુજબ હાલમાં ૩૧% મોંઘવારી ભથ્થાની રકમ ચુકવવામાં આવે છે.એટલે કે જાન્યુઆરી-૨૦૨૨ની ૩%, જુલાઈ-૨૦૨૨ની ૪/ એ જાન્યુઆરી ૨૦૨૩ની ૪% એમ કુલ.૧ ૧ % મોધવારી ભથ્થુ ચુકવવાનું બાકી છે.

એસ.ટી.નિગમની છેલ્લા છમાસની આવકમાં ગત વર્ષોની સરખામણીમા નોંધપાત્ર વધારો થવા પામેલ છે. નિગમના કામદારો ઠંડી, ગરમી અને વરસાદની ઋતુમાં પણ રાઉન્ડ ધ કલોક પોતાની અવિરત પરિવહન સેવાઓ કાર્યવંત બનાવી આવકમાં વધારો થાય તેવી તનતોડ મહેનત કરી રહ્યા છે.એસ.ટી.નિગમના કામદારો મુસાફર જનતાની પરિવહન સેવાને પોતાનો જીવનમંત્ર બનાવી પરિવહન સેવાને ઉજાગર કરવામાં પાછી પાની ન કરતાં હોય.

ત્યારે તેઓને મહેનતના બદલામાં મળતી મોંઘવારીની રકમ ચુકવવામાં વિલંબ કરવો તે ઉચિત જણાતું નથી ગુજરાત સરકારના વાહન વ્યવહાર મંત્રી દ્વારા બસોના લોકાર્પણ કરવાના પ્રસંગોપાત પ્રવચનમાં પણ એસ.ટી. નિગમના કામદારોની પરિવહન સેવાને જાહેરમાં બિરદાવી પ્રસશંનીય કામગીરી બદલ અભિનંદન પણ પાઠવેલ છે.ત્યારે નિગમના કામદારોને મળવાપાત્ર મોધવારીની ભથ્થાની રકમ ચુકવવામાં અતિશય વિલંબ કરવો એ પણ ન્યાયોચિત નથી.

ઉપરોકત બાબતોને લક્ષમાં લઈ ગુજરાત સરકારના કર્મચારીઓને હાલમાં ૪૨% મોંઘવારી ભથ્થાની રકમ ચુકવવાની જે જાહેરાત કરવામા આવેલ છે. તે જ ધારાધોરણે એસ.ટી. નિગમના કામદારોને પણ ૪૨% મોધવારી ભથ્થાની રકમ ચુકવી આપવા માટેના યોગ્ય આદેશ આપવો જરૂરી છે.

રેલવે ડિવિઝન દ્વારા વેરાવળ-અમદાવાદ એક્સપ્રેસમાં એક સેકંડ સ્લીપર કોચનો કાયમી માટે વધારો કરાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

રાજકોટ રેલવે ડિવિઝન દ્વારા મુસાફરોની સુવિધા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેમાં મુસ-ાફરોને ગુજરાતના મોટા શહેરોમાં અવરજવર કરવા માટે વધુમાં વધુ ટ્રેનો મળી રહે અથવા ચાલુ ટ્રેનોમાં વધારાના કોચ લગાવવા તેમજ ઇલેક્ટ્રિક ટ્રેનો પણ શરૂ કરવામાં આવી રહી છે. ત્યારે વેરાવળ-અમદાવાદ એક્સપ્રેસમાં કાયમી ધોરણે એક વધારાનો સેકંડ સ્લીપર કોચ લગાવવા માટે નિર્ણય લેવાયો છે.આ અંગેની વિગતો આપતા રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ સુનિલકુમાર મીનાએ જણાવ્યું હતું કે, મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવેએ રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી વેરાવળ-અમદાવાદ અને અમદાવાદ-વેરાવળ

એક્સપ્રેસ ટ્રેનોમાં કાયમી ધોરણે વધારાનો એક સેકંડ સ્લીપર કોચ ઉમેરવાનો નિર્ણય કર્યો છે. જે અંતર્ગત ટ્રેન નંબર ૨૨૯૫૮ વેરાવળ- અમદાવાદ એક્સપ્રેસમાં વેરાવળથી ૦૧.૦૭.૨૦૨૩ થી અને ટ્રેન નંબર ૨૨૯૫૭ અમદાવાદ-વેરાવળ એક્સપ્રેસમાં અમદાવાદથી ૦૭.૦૭.૨૦૨૩થી વધારાનો સેકંડ સ્લીપર કોચ જોડવામાં આવશે. વધુ મુસાફરોનો સમાવેશ કરી શકાય તે માટે નિર્ણય કરવામાં આવ્યો છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, અગાઉ આ ટ્રેનમાં કુલ ૧૮ કોચ હતા. જેમાં ૧ સેકન્ડ એસી, ૪ થ્રી એસી, ૮ સેકન્ડ સ્લીપર, ૩ જનરલ અને ૨ લગેજ વાન કોચ હતા. જોકે આગામી તા. ૧ જુલાઈથી આ ટ્રેનમાં કુલ ૧૯ કોચ હશે. જેમાં ૧ સેકન્ડ એસી, ૪ થ્રી એસી, ૯ સેકન્ડ સ્લીપર, ૩ જનરલ અને ૨ લગેજ વાન કોચનો સમાવેશ થાય છે. આ ટ્રેનમાં મુસ-ાફરોની સંખ્યા વધુ રહેતી વધુમાં વધુ મુસાફરોનો સમાવેશ કરી શકાય તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

કાલાવડ રોડ, યોગીપાર્કમાં કેશવ ક્લિનિકમાં પોલીસનો દરોડો

ધોરણ ૧૨ પાસ ડોક્ટર બની ગયો, રૂ.૧૫૦ લઇ દર્દીને તપાસતો હતો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

શહેરના પોશ વિસ્તાર ગણાતા કાલાવડ રોડ પરથી એક નકલી ડોક્ટરને તાલુકા પોલીસે પકડી પાડ્યો છે.કાલાવડ રોડ, ક્રિષ્ટલ મોલ સામે યોગીપાર્ક-૧માં એક શખ્સ નકલી ડોક્ટર બની ક્લિનિક ચલાવતો હોવાની તાલુકા પોલીસને માહિતી મળી હતી. જેથી પીએસઆઇ એચ.જી. ગોહિલ સહિતનો સ્ટાફ માહિતી મુજબના સ્થળે દોડી ગયા હતા. બાતમી મુજબના બે માળના મકાનના નીચેના ભાગે આવેલા પાર્કિંગમાં એક કેબિન જોવા મળી હતી. જેના પર કેશવ ક્લિનિકનું બોર્ડ લગાવેલું હતું. કેબિનમાં જતા અંદર ગળામાં સ્ટેથોસ્કોપ લટકાવી બેઠેલો શખ્સ મળી આવ્યો હતો. પૂછપરછ

કરતા તે આ જ મકાનમાં રહેતો પંકજ વલ્લભ વૈષ્ણવ હોવાનું જણાવ્યું હતું.

પોલીસે પંકજ વૈષ્ણવ પાસે મેડિકલ પ્રેક્ટિસ અંગેનું સર્ટિફિકેટ તેમજ ડિગ્રી સર્ટિફિકેટ માગ્યું હતું. સર્ટિફિકેટ માગતાં જ તે ગલ્લાં તલ્લાં કરવા લાગ્યો હતો. પોલીસે લાલ આંખ કરતા પંકજ પોપટ બની જણાવ્યું કે, તેની પાસે કોઇ ડિગ્રી નહીં હોવાનું અને તે ધો.૧૨ પાસ છે. અગાઉ તે અલગ અલગ વેપાર કરતો હતો.

બાદમાં કોરોના સમયે તેને અલગ અલગ વિસ્તારોમાં લોકોના આરોગ્ય સાથે ચેડા કરવા ક્લિનિક ચાલુ કરી હતી અને છેલ્લે તેને ઘરની નીચે જ ક્લિનિક ચાલુ કરી હતી. તેને ત્યાં આવતા દર્દીઓ પાસેથી રૂ.૧૫૦ થી ૨૫૦ સુધીની ફી વસુલતો હતો. પોલીસે ક્લિનિકમાંથી જુદી જુદી દવાઓ મળી કુલ રૂ.૧૧,૩૬૯નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસે લોકોના આરોગ્ય સાથે ચેડા કરનાર ઘોડા ડોક્ટર પંકજ વૈષ્ણવ સામે ગુનો નોંધી ધરપકડ કરી છે.

ક્રાઈમ કોર્નર

એસ્ટ્રોન ચોકમાં દુકાનમાંથી રૂ.૧ લાખના ત્રણ મોબાઈલની ચોરી કરનાર સગીર ઝડપાયો

રાજકોટ : શહેરના એસ્ટ્રોન ચોક પાસે સરદારનગર મેઈન રોડ ઉપર આવેલ એન્ડ્રોઈડ ઝોન નામની દુકાનમાં નોકરી ઉપરાંત તે જ દુકાનમાં જુના મોબાઈલ લે વેચનું કામ કરતા મુળ ટંકારાનો હનીફ ગફારભાઈ નાયક (ઉ.વ.૨૫) ગત તા.૨૫ના દુકાને હતો.ત્યારે ગ્રાહક તરીકે અજાણ્યા શખ્સે તેને પોતે જુના ફોન લે વેચ કરતો હોવાનું જણાવી જુના ફોન ખરીદવા છે તેમ જણાવતા તેને અલગ અલગ મોબાઈલ બતાવ્યા હતા. જેમાંથી અજાણ્યા શખ્સે ત્રણ ફોન પસંદ કર્યા હતા.તેણે થોડીવારમાં પૈસાની વ્યવસ્થા કરીને ફોન લઈ જશે તેમ જણાવતા રૂા.૧.૦૯ લાખની કિંમતના ત્રણ આઈફોન પેક કરી રાખ્યા હતા.જે સમયે અન્ય ગ્રાહકને મોબાઈલ બતાવતો હતો.ત્યારે આ અજાણ્યો શખ્સ તેની નજર ચુકવી મોબાઈલ ચોરી કરી ભાગી જતા ફરિયાદ નોંધાવી હતી.આ મામલે પોલીસે સીસીટીવી ફુટેઝ જોઈને આરોપીની ઓળખ મેળવી હતી.ગ્રાહક બનીને આવેલો સગીર જામનગર રોડ પર પરા પીપળીયામાં રહેતો હતો અને મેટોડામાં મજૂરી કામ કરતો હતો.પોલીસે ચોરાઉ આઈ ફોનનું લોકેશન મેળવી આરોપીને રાજકોટથી જામનગર તરફ જતા રોડ પરથી સગીરને પકડી લીધો હતો.

યુવકને કાર ચાલકે અડફેટે લેતા મોત

સ્વામીના ગઢડાના રામપરા ગામે અને હાલ રાજકોટના ખારચીયા ગામે રહેતો રમેશ હનુભાઈ સાથળીયા (ઉ.વ.૨૨) ગઇકાલે સાંજના સરધાર ગામે ખરીદી કરવા માટે ગયો હતો. જ્યાંથી તે ઘરે પરત ફરતો હતો ત્યારે સરધારથી આગળ હાઇવે પર મોજે કાઠીયાવાડી હોટલ પાસે પુરપાટ ઝડપે આવેલ અજાણ્યા કાર ચાલકે બાઇકને હડફેટે લેતા યુવક ફંગોળાઇને રોડ પર પટકાયો હતો. તેને માથામાં ગંભીર ઇજા પહોંચતા લોહી-લુહાણ હાલતમાં બેભાન થઇ ગયો હતો. આ બનાવ સ્થળે લોકો એકઠા થઇ જતા ૧૦૮ને જાણ કરતા ૧૦૮ની ટીમ દોડી આવી હતી અને યુવકને તપાસી મૃત જાહેર કર્યો હતો.આ બનાવ અંગે જાણ થતા આજી ડેમ પોલીસ મથકનો સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. મૃતકના મોટા ભાઈની ફરિયાદ પરથી અકસ્માત સર્જી નાસી છુટેલા કારચાલક વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. મૃતકના પરિવારમાં કુલ ચાર ભાઈ-બહેન છે. દિવાળી પર તેમના લગ્નનું પણ નક્કી કરવામાં આવ્યું હતું. તે પહેલા જ તેમનું મોત થતાં પરિવાર પર આભ તુટી પડ્યું હતું.

યુવકે આત્મહત્યા કરતા પરિવારમાં શોક

રાજકોટ નજીક નવાગામમાં આવેલ રંગીલા પંચવટી સોસાયટી-૨માં રહેતા રવિભાઈ ડાયાભાઈ દુધરેજીયા (ઉ.વ.૨૫) નામના યુવકે આજે બપોરે ૧૧ વાગ્યે પોતાના ઘરે રૂમમાં પંખાના હુકમાં સાડી બાંધી આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. આ બનાવની જાણ થતા કુવાડવા પોલીસની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડી બનાવનું કારણ જાણવા પરિવારની પુછપરછ હાથ ધરી હતી. મૃતક રવિ પરિવારનો એકનો એક પુત્ર હતો. આજે તેની પત્ની રસોઈ બનાવતી હતી ત્યારે રૂમમાં જઈ તેને અંતિમ પગલુ ભરી લીધુ હતું. બાદમાં પુત્રીને બોલાવા ગયેલ પત્નીએ રૂમમાં જોતા તેનો પતિ લટકેલી હાલતમાં જોવા મળતાં આકંદ મચાવ્યો હતો.

પતિએ પત્નીને મારતા ફરિયાદ

રાજકોટના થોરાળામા આવેલ ગોકુલપરા શેરી નં.૫ માં રહેતાં જસોદાબેન ઉર્ફે જયોતીબેન દિપકભાઈ ચાવડા (ઉ.વ.૪૨) એ પોતાની ફરિયાદમાં આરોપી તરીકે દિપક આનંદ ચાવડાનું નામ આપ્યું હતું. ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેમના લગ્ન ૨૧ વર્ષ પહેલાં થયેલ છે અને સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર છે. ગત તા.૧૫ ના રાત્રીના દસેક વાગ્યે ઘરે સંતાનો સાથે જમવા બેઠા હતાં ત્યારે તેનો પતિ દિપક મજુરીકામ કરીને આવેલ અને તેઓ તેમના રૂમમાં ફ્રેશ થઇને કપડા બદલતા હતા ત્યારે ફરિયાદી ઘરમાં નવુ આરસનું મંદિર લાવેલ હોય જેથી તેમના પતિએ કહેલ કે, તુ નવું આરસનુ મંદિર કેમ લાવી અને આ મંદિરના રૂપિયા ક્યાંથી લાવી કહી ઝગડો કરી ગાળો બોલવા લાગેલ અને ઘરના આંગણામાં પડેલ ઇંટ વડે માથાના ભાગે ઘા મારતાં માથાના ભાગે પહોંચોડેલ હતી. દરમિયાન ફરિયાદીએ તેના પતિને કહેલ કે, હું નવું મંદિર લાવી છું તેમા ખોટું શું કર્યું છે તેમાં મને આટલી બધી કેમ મારો છો તો તેના પતિએ કહેલ કે, તને આજે મારી જ નાખવી છે કહીને ધકકો મારેલ હતો. બાદમાં ગઇકાલે ઇજાના કારણે સારવારની જરૂર પડતાં સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. મહિલાની ફરિયાદ પરથી થોરાળા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસે યુવકને કાયદાનું ભાન કરાવ્યું

રાજકોટના કોઠારીયા રોડ વિસ્તારમાં રહેતી યુવતીએ આજી ડેમ પોલીસ મથકમાં અજય દિલીપ તોલાણી સામે ફરિયાદ નોંધાવી છે. યુવતીએ ફરિયાદમાં જણાવ્યું છે કે પોતે એક બેંકમાં આસીસ્ટન્ટ મેનેજર તરીકે નોકરી કરે છે. બે વર્ષ પહેલા અજય દિલીપ તોલાણી પોતાની ફ્રેન્ડના સંપર્કમાં હતો. તેના થકી પોતાની ઓળખાણ થઇ હતી. બાદ પોતાને તે પણ વાતચીત કરતો હતો. છેલ્લા એક મહિનાથી અજયે પોતાને તેની સાથે સંબંધ રાખવાનું કહેતા પોતે તેને ના પાડી દીધી હતી. પોતે પોતાના ઘરેથી નોકરી ઉપર જવા નીકળે ત્યારે અજય પોતાનો પીછો કરતો હતો. પાછળ પાછળ ઓફિસ સુધી આવતો હતો અને આઠેક દિવસ પહેલા સવારે પોતે ઘરેથી નીકળી ત્યારે અજયે કોઠારીયા રોડ પર પોતાની પાછળ આવી પોતાને ઉભી રાખી વાતચીત કરી પોતાનાં ખંભા ઉપર હાથ મૂકી તેની સાથે સંબંધ રાખવાનું કહેતા પોતાને તેની સાથે સંબંધ રાખવો ન હોઇ જેથી પોતે ડરી ગયેલ અને તુરંત જ પોતાનું ટુ વ્હીલર લઇ જતી રહી હતી. પરમ દિવસે ફરી પોતાને સાઇડમાં ઉભી રખાવી કહેલ કે, 'કેમ મારી સાથે બોલતી નથી' તેમ કહી પોતાનો હાથનું કાંડુ પકડી અને પોતે તેને છોડી દેવાનું કહેતા અજયે પોતાને ઝાપટ મારી ડાબા પગમાં પાટા મારી મુંઢમાર મારી હુમલો કર્યો હતો. ગઇકાલે બનાવની પિતાને વાત કરી આજીડેમ પોલીસ ખાતે અજય દિલીપ તોલાણી (ઉ.વ.૨૮) સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તેની ધરપકડ કરી કાયદાનું ભાન કરાવ્યું હતું.

રાજકોટમાં સવારથી વાદળછાયું વાતાવરણ, ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી

સૌરાષ્ટ્રમાં મેઘસવારી યથાવત : વધુ ૧ થી ૪ ઇંચ : ખેડુતો આનંદવિભોર, ભાવનગર– રાજકોટ જિલ્લામાં ૦.૫ થી ૨ ઇંચ પાણી વરસ્યુ, જુનાગઢ જિલ્લામાં ૧ થી ૪, દ્વારકા–અમરેલી જિલ્લામાં ૧ થી ૩, ગિર સોમનાથમાં પણ ૧ થી ૩ ઇંચ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય–રાજકોટ)
રાજકોટ, તા.૨૯

ભારત સરકારના પૃથ્વી-વિજ્ઞાન મંત્રાલય અંતર્ગત ભારત મોસમ વિજ્ઞાન વિભાગના મોસમ કેન્દ્ર, અમદાવાદ દ્વારા ગુજરાત રાજ્યના તમામ જિલ્લામાં ૧ જુલાઈ સુધીની હવામાન આગાહી જાહેર કરાઈ છે. જે મુજબ રાજકોટ જિલ્લામાં આજથી ત્રણ દિવસ એટલે કે ૧ જુલાઈ દરમિયાન મોટાભાગના સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આજે સવારથી રાજકોટ શહેરમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે.

ગુજરાતમાં વિધિવત રીતે ચોમાસુ બેસી ગયું છે અને આગામી ૩ દિવસ સુધી રાજકોટમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી મુજબ ૨૮ તારીખ એટલે કે ગઈકાલે બુધવારના રોજ રાજકોટમાં છૂટાછવાયા વિસ્તારમાં વરસાદી ઝાપટા અને છાંટા વરસ્યા હતા. જ્યારે આજથી ૩ દિવસ એટલે કે ૧ જુલાઈ સુધી ગાજવીજ સાથે વરસાદ વરસી શકે તેમ છે. સવારથી જ શહેરમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે અને વરસાદની લોકો કાગડોળે રાહ જોઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ગઈકાલે પણ રાજકોટ શહેરમાં છૂટો છવાયો વરસાદ વરસ્યો હતો. જ્યારે બીજી તરફ ચાલુ વર્ષે ૨૦૨૩માં માર્ચ મહિનાથી શરૂ કરી આજદિન સુધીમાં વધુ વરસાદ વરસી ચૂક્યો છે અને જળાશયોમાં પણ નવા નીરની આવક શરૂ થઈ ચૂકી છે ત્યારે આ વર્ષે ચોમાસુ સારું જાય તેવી આશા ખેડૂતો સેવી રહ્યા છે અને ધીમે ધીમે વાવણીની પણ શરૂઆત જગતના તાત દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. રાજકોટ જિલ્લામાં ૧ થી ૨ ઇંચ, ભાવનગરમાં ૦.૫ થી ૧ ઇંચ, ગીર સોમનાથમાં ૧ થી ૩ ઇંચ વરસાદ છેલ્લા ૨૪ કલાકમાં પડયો હતો. મળતા અહેવાલો મુજબ વિસાવદરમાં શહેર તેમજ તાલુકામાં એક થી ચાર ઇંચ ભારે વરસાદથી રસ્તા પાણી પાણી થયા હતા.

વિસાવદર શહેર તેમજ તાલુકામાં સતત વરસાદને કારણે નદીઓમાં નવા નીરની આવક શરૂ થઇ હતી તેમજ સવારથી વરસી રહેલ વરસાદને કારણે ધારી જવા માટેના અંડરબ્રીજમાં પાણી ભરાયેલું હતું જેના કારણે ત્યાંથી પસાર થતા વાહન ચાલકોને હાલાકી પડી હતી.

તથા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગઈકાલે બુધવારે સૌથી વધુ ખંભાળિયા તાલુકામાં નોંધપાત્ર સવા ત્રણ ઈંચ વરસાદ વરસ્યો હતો. જ્યારે કલ્યાણપુર તથા ભાણવડ પંથકમાં હળવા ઝાપટા નોંધાયા છે. સરકારી આંકડા મુજબ ખંભાળિયા તાલુકામાં ગઈકાલે બુધવારે બપોરે ૨ થી સાંજે ૫ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન ૮૧ મી.મી. પાણી પડી ગયું હતું. જેના પગલે શહેરના માર્ગો પર પાણી ચાલી નીકળ્યા હતા.

આટલું જ નહીં, ખંભાળિયા તાલુકાના જુદાજુદા ગ્રામ્યમાં વિસ્તારોમાં પણ ભારે વરસાદના કારણે નદીઓમાં પૂર આવ્યા હતા અને ચેકડેમો તેમજ અનેક જળ સ્ત્રોતો છલકાઈ ગયા હતા. જો કે ખંભાળિયા શહેરને પાણી પૂરું પાડતા ઘી ડેમમાં નોંધપાત્ર આવક થઈ ન હતી. વિંછીયા તાલુકાના રૂપાવટી અને પીપરડી ગામમાં બપોર બાદ દોઢ થી બે ઈંચ મુશળધાર વરસાદ પડી જતા ખેડૂતોમાં હરખ છવાઇ ગયો છે. છેલ્લા બે-ત્રણ દિવસથી વિંછીયા તાલુકાના ગામોમાં બપોર બાદ ધીમીધારે કાચું સોનુ વરસી રહ્યું છે..જેથી ધરતીપુત્રો ના હૈયા ઠરે છે. જસદણ પંથકના પણ અનેક ગામોમાં ધોધમાર એકથી દોઢ ઈંચ વરસાદ વરસતા પશુ પાલકો ખેડુતોમા ખુશાલી છવાઇ છે.

જસદણ પંથકમાં અસહ્ય બફારા વચ્ચે ગત બપોર બાદ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને તાલુકાના હનુમાન ખારચિયા, જુના પીપળીયા, સાણથલી, નવાગામ, જીવાપર અને પાંચવડા સહિતના ગામોમાં ધોધમાર એકથી દોઢ ઈંચ વરસાદ પડતા વાડી-ખેતરોમાં વરસાદી પાણી વહેવા લાગ્યા હતા અને નદી-ચેકડેમો પણ છલકાઈ ગયા હતા. જસદણ પંથકના ગામડાઓમાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતા પશુ પાલકો ખેડૂતોમાં ખુશાલી છવાઈ ગઈ હતી.

કોરોનાકાળ પછી ઈમરજન્સી કોલમાં ૫૬%નો ચિંતાજનક વધારો

ગુજરાતમાં ત્રણ મહિનામાં ૧૫૦૦૦ લોકોને હાર્ટએટેક: રાજકોટમાં દરરોજ ૧૧ કેસ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય રાજકોટ)
રાજકોટ, તા.૨૯

પાછલા ત્રણ મહિનાની અંદર અલગ-અલગ પ્રવૃત્તિ કરતી વખતે હાર્ટએટેક આવી ગયો હોય અને તેના કારણે જીવ ગુમાવવો પડ્યો હોય તેવા અનેક ચોંકાવનારા કિસ્સા સામે આવ્યા છે. ખાસ કરીને કોરોનાકાળ પછી હાર્ટએટેકની સંખ્યામાં ચિંતાજનક વધારો થવા લાગતા લોકોમાં અલગ જ પ્રકારનો ભય જોવા મળી રહ્યો છે. આ બધાની વચ્ચે એવો ચોંકાવનારો આંકડો સામે આવ્યો છે જે આ ચિંતામાં વધારો કરી શકે છે. જાણવા મળ્યા પ્રમાણે ગુજરાતમાં ત્રણ મહિનાની અંદર જ ૧૫૦૦૦ જેટલા લોકોને હાર્ટએટેક આવી ગયો છે. એકલા રાજકોટની વાત કરવામાં આવે તો અહીં દરરોજ ૧૧ લોકોને હૃદયરોગનો હુમલો આવી રહ્યો હોવાનું ૧૦૮ના આંકડા પરથી ફલિત થઈ રહ્યું છે.

આ સાથે જ ઈમરજન્સી કોલ્સમાં ૫૬%નો ઉછાળો નોંધાયો છે. રાજકોટની સાથે જ અમદાવાદ, વડોદરા અને સુરતની સ્થિતિ પણ કફોડી થઈ જવા પામી છે. અહીં ૨૦૨૧-૨૨માં હાર્ટએટેકના દરરોજ આઠ ફોન આવતા હતા જે હવે વધીને ૧૩ થઈ ગયા છે. આવી જ રીતે રાજકોટમાં અગાઉના વર્ષમાં દરરોજ સાત ફોન આવતા હતા જે હવે ૧૧એ પહોંચ્યા છે તો વડોદરામાં ફોનની સંખ્યા છથી વધીને નવે પહોંચી ચૂકી છે. જ્યારે ૨૬ ફેબ્રુઆરી-૨૦૨૩થી લઈ ૨૭ જૂન સુધીમાં હાર્ટએટેકના કારણે નવ જેટલા લોકોના મૃત્યુ પણ નિપજ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. હાર્ટએટેકના કેસમાં વધારો થતાં જ આરોગ્ય વિભાગ એક્શનમાં આવી ગયો છે અને તમામ કેસોની સમીક્ષા શરૂ કરવામાં આવી છે.

મેટ્રો શહેરોની વાત કરવામાં આવે તો અમદાવાદમાં એક જ વર્ષમાં હાર્ટએટેકના ૧૮૨૬૩ કેસ નોંધાયા છે તો સુરતમાં ૪૪૮૯, રાજકોટમાં ૩૮૨૬, ભાવનગરમાં ૩૨૮૬ અને વડોદરામાં ૨૯૯૮ હાર્ટએટેકના કેસ આવ્યા છે. ગુજરાતમાં નાની ઉંમરે હાર્ટએટેક આવવાના કિસ્સાઓ સામે આવી રહ્યા છે ત્યારે છેલ્લા બે વર્ષની સાપેક્ષમાં માત્ર વર્તમાન ત્રણ મહિનામાં હાર્ટએટેકના ચોંકાવનારા કેસ મળ્યા છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૪૪૦૧૭ કેસ હતા. જે વધીને એક વર્ષમાં ૨૦૨૨-૨૩માં ૬૧૦૭૬ થઈ ગયા છે. જો કે આ બે વર્ષની સાપેક્ષમાં એપ્રિલ-૨૦૨૩થી ૨૬ જૂન ૨૦૨૩ સુધીના માત્ર ત્રણ જ મહિનામાં ૧૫૫૭૮ કેસ નોંધાઈ ચૂક્યા છે. દરમિયાન દેશભરમાંથી આવી રહેલા આવા સમાચારો પર ધ્યાન કેન્દ્રીત કરીને કેન્દ્ર સરકારે તબક્કાવાર રીતે આ મામલે તપાસ કરાવી હતી. આઈસીએમઆરના નિષ્ણાંતોએ છ મહિનામાં ૧૦૦થી વધુ મૃતદેહોની ચકાસણી કરી હતી જેના રિપોર્ટ પ્રમાણે જેમના મોત અચાનક હાર્ટએટેકના કારણે થયા તેમનામાં કેટલીક બાબતો સામાન્ય હતી. મોટાભાગના લોકો કોરોનામાં લાંબો સમય બીમાર રહ્યા હતા જેના કારણે તેમના શ્રમમાં ઘટાડો થવાને કારણે હાર્ટએટેકના કેસ વધી ગયા છે.

આ ઉપરાંત જીવનશૈલીમાં કેટલાક ફેરફાર થયા હતા જે પૈકી લાંબા સમય સુધી સીટિંગ જોબ પણ સામેલ છે. વર્ચ્યુઅલ ગતિવિધિઓ વધવાના કારણે કામ સરળ થયું હતું પરંતુ તેના કારણે શરીર ખરાબ થઈ ગયા હતા. એકાએક હાર્ટએટેકનો જે લોકો શિકાર થયા તે શારીરિક શ્રમ અથવા તો કસરત કરતા ન હોવાનું પણ ફલિત થયું હતું.

જૂનાગઢ, વડોદરા અને મહેસાણામાં કેન્દ્ર સરકાર બનાવશે બાયોગેસ પ્લાન્ટ

સ્વચ્છ ભારત મિશન હેઠળ ગુજરાતના ત્રણ સેન્ટરની પસંદગી

(એજન્સી સમાચાર)
ગાંધીનગર.તા.૨૯

વડોદરા કોર્પોરેશનમાં તેમજ મહેસાણા નગરપાલિકામાં બાયો પ્લાન્ટને મંજૂર કરવામાં આવ્યો છે. રાજ્યના આ ત્રણેય શહેરમાં નીકળતા ભીના કચરામાંથી આ બાયોગેસ ઉત્પન્ન કરવામાં આવશે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની ગ્રાન્ટમાંથી બાયોગેસ પ્લાન્ટ અંગે ડિટેઇલ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવા કન્સલટન્ટ એજન્સી નીમવામાં આવી છે. બાયોગેસ પ્લાન્ટ માટે દેશમાં ૭૫ પાલિકાઓમાં બાયોગેસ પ્લાન્ટ મંજૂર કરાયા છે. જેમના ઈજનરો માટે બે દિવસ સ્વચ્છતા મોડેલ ઇન્દોરમાં તાલીમનું આયોજન કરવામાં આવ્યુ છે.

આ તમામ ઈજનેરોને તાલીમ હેઠળ કોર્પોરેશન હસ્તકના બાયોગેસ પ્લાન્ટની ફિલ્ડ મુલાકાત કરાવામાં આવશે. સ્વચ્છ ભારત મિશન હેઠળ મહેસાણામાં ૩.૬ કરોડના ખર્ચે ૨૦ ટન ક્ષમતાનો બાયોગેસ પ્લાન્ટ મંજૂર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત વડોદરા અને જુનાગઢમાં પણ ૨૦ ટન કરતા વધુ ક્ષમતા ધરાવતા બાયોગેસ પ્લાન્ટ મંજૂર કરવામાં આવ્યો છે.

મળતી માહિતી અનુસાર મહેસાણા પાલિકા તેમજ જુનાગઢ અને વડોદરા કોર્પોરેશને બાયોગેસ પ્લાન્ટમાટે એકશન પ્લાન તૈયાર કરી ૨૦૨૪માં પ્લાન્ટ બનાવવા તેવી શક્યતા છે. મહાનગરોમાંથી નિકળતા કચરામાંથી ૩૦ થી ૪૦ ટકા ભીનો કચરો હોય છે. આ ભીના કચરાને પ્લાન્ટમાં પ્રોસેસ કરી બાયોગેસ બનાવવામાં આવે છે. તેમાંથી નીકળતો વેસ્ટને ખાતર તરીકે પણ ઉપયોગ કરવામાં આવી શકે છે.

ગોબર ધન યોજના શું છે?

ગોબર ધન યોજના દેશના ખેડૂતો અને ગ્રામીણ વિસ્તારોને ધ્યાનમાં રાખીને શરૂ કરવામાં આવેલી એક યોજના છે. તેનો સીધો લાભ દેશના ખેડૂતો અને પશુપાલકોને મળે છે. આ યોજનાનો સૌથી મોટો ફાયદો એ છે કે તેનાથી પ્રદૂષણમાં ઘટાડો થાય છે. આ સાથે જ ખેડૂતોની આવકમાં પણ વધારો થઈ શકે છે. આ યોજના હેઠળ સરકાર ખેડૂતો પાસેથી ગાયનું છાણ ખરીદશે. આ રીતે ખેડૂતો પાસેથી ગાયનું છાણ ખરીદીને બાયોગેસમાં ફેરવવામાં આવશે.હવે ગુજરાતના ત્રણ શહેરોમાં ભીના કચરામાંથી બાયોગેસ ઉત્પન્ન કરવામાં આવશે.

શ્રુતિમાઇક્રોન ટેક્નોલોજી ગુજરાતના સાણંદમાં રૂ. ૨૨,૫૧૬ કરોડનો પ્લાન્ટ સ્થાપશે

ગુજરાત સરકારનો માઇક્રોન ટેક્નોલોજી સાથે ઐતિહાસિક એમઓયું

(એજન્સી સમાચાર)
ગાંધીનગર.તા.૨૯

ભારતને ગ્લોબલ સેમિકન્ડક્ટર સપ્લાય ચેઇન મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે ઊંચી ઊડાન ભરાવીને આત્મનિર્ભર ભારત સાકાર કરવા ૧૦ બિલિયન યુ.એસ ડોલરનો સેમીકોન ઇન્ડિયા પ્રોગ્રામ કેન્દ્ર સરકારે જાહેર કરેલો છે.

વડાપ્રધાનની તાજેતરની યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાની મુલાકાત દરમ્યાન યુ.એસ પ્રેસીડેન્ટ જો-બાઇડેન સાથેની બેઠકમાં આ પ્રોગ્રામને વધુ ગતિ આપતાં માઇક્રોન ટેક્નોલોજી દ્વારા ભારતમાં મહત્વપૂર્ણ મૂડીરોકાણ દ્વારા સેમીકંડક્ટર એસેમ્બલી, ટેસ્ટ, માર્કીંગ અને પેકેજિંગ **ATMP** ફેસેલિટી સ્થાપવાની જાહેરાત અમેરિકન પ્રમુખે કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાની આ સફળ મુલાકાતની ફલશ્રુતિ રૂપે માઇક્રોન ટેક્નોલોજી દ્વારા ૨.૭૫ બિલીયન યુ.એસ. ડોલર એટલે કે રૂ. ૨૨,૫૦૦ કરોડ કરતા વધુના રોકાણથી ગુજરાતના સાણંદમાં આ **ATMP** ફેસેલીટી શરૂ કરવામાં આવશે. વિશ્વભરમાં સેમિકન્ડક્ટર ઉત્પાદન ક્ષેત્રે અગ્રેસર અને મોટી કંપનીઝમાંની એક એવી સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરીંગ કંપની માઇક્રોન ટેક્નોલોજી અને ગુજરાત સરકાર વચ્ચે આ સંદર્ભમાં ઐતિહાસિક **MoU** ગાંધીનગરમાં સંપન્ન થયા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભારત સરકારના ઇન્ફર્મેશન ટેક્નોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવની પ્રેરક ઉપસ્થિતિમાં આ ખજ્ઞજ્ઞ પર ગુજરાત સરકારના સાયન્સ ટેક્નોલોજી સચિવ વિજય નહેરા અને માઇક્રોનના સિનીયર વાઇસ પ્રેસીડેન્ટ ગુરૂશરણ સિંધે હસ્તાક્ષર કર્યા હતા.

ગુજરાતમાં સુદ્રઢ મેન્યુફેક્ચરીંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ઉદ્યોગ-વેપાર માટેનું સાનુકૂળ વાતાવરણ અને રાજ્ય સરકારના શ્રેષ્ઠ સહયોગ ઉપરાંત સુઆયોજિત ટેલેન્ટ પૂલની ઉપલબ્ધિ જેવી મહત્વપૂર્ણ બાબતોને ધ્યાને રાખીને માઇક્રોને પોતાની આ મેન્યુફેક્ચરીંગ ફેસેલીટી શરૂ કરવા માટે ગુજરાત પર પસંદગી ઉતારી છે.૨૦ હજાર રોજગારીનું સર્જન થશે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને દિશાદર્શનમાં ગુજરાત સેમિકન્ડક્ટર પોલિસી-૨૦૨૨-૨૭ ગત વર્ષ સપ્ટેમ્બર-૨૦૨૨ માં જાહેર કરવામાં આવેલી છે. સેમિકન્ડક્ટર ક્ષેત્રે ભારતને આત્મનિર્ભર બનાવવાના કેન્દ્ર સરકારના પ્રયાસોને બળવત્તર બનાવતી આવી પોલિસી ઘડનારૂં ગુજરાત દેશનું એક માત્ર રાજ્ય છે. એટલું જ નહિ, રાજ્યમાં ડોમેસ્ટીક સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરીંગ ઇકો સિસ્ટમને વેગ આપવા આ પોલિસીમાં વિશેષ ભાર મુકવામાં આવ્યો છે.

નાની બાળાઓના મોળાકત વ્રતનો આજથી પ્રારંભ : સોમવારે જાગરણ

તસવીરઃ દિલીપ ગોહેલ

રાજકોટ : તહેવારોની હારમાળા લઇ આવનારૂ વ્રત એટલે મોળાકત! આ વ્રતમાં નાની બાળાઓ જયેરા વાવી તેનું પૂજન કરી પાંચ દિવસ મીઠા (નમક) વગરનું ભોજન અને ફરાળ ગ્રહણ કરી છેલ્લા દિવસે રાત્રીના ૧૨ વાગ્યા સુધીનું જાગરણ કરીને વ્રતને વિરામ આપવામાં આવે છે. આ વ્રતની શરૂઆત થયા પછી જયાપાર્વતી, એવરત જીવરત, કુલકાજળી સહિતના વ્રતોની હારમાળા શરૂ થાય છે. આખો શ્રાવણ માસ બહેનોને વ્રત તહેવારોની ભરમાર રહે છે. આજે અગીયારસના મોળાકતના વ્રતનો પ્રારંભ થયો છે. બાળાઓ નજીકના મંદિરે જઇ ગોરમાનું પૂજન કરે છે. પુનમના તા. ૩ ના સોમવારે જાગરણ કરી વ્રત પૂર્ણ કરાશે.

૭/૧૨માં ખેડૂતોના નામમાં સામાન્ય સુધારો હોય તો કરી દેવા સરકારનો આદેશ

રાજકોટ,તા. ૨૯

મહેસુલ વિભાગે કૃષિ મંત્રી રાઘવજીભાઇ પટેલની રજુઆત અન્વયે ૭/૧૨માં ખેડૂતોના નામમાં સામાન્ય સુધારા બાબતે યોગ્ય કાર્યવાહી કરવા તમામ કલેકટરોને સુચના આપી છે. મહેસુલ વિભાગના સેક્સન અધિકારી રણવીરસિંહ જેતાવતે ૫ જુને કલેકટર જોગ પાઠવેલ પત્રમાં જણાવ્યું છે કે, ગુજરાત સરકારની તાલુકા મામલતદાર કચેરીમાં ભૂતકાળમાં ખેડૂતોના હુલામણા નામ હોય તેમાં ખાલી કુમાર કેજી જેવા શબ્દોમાં પણ સામાન્ય સુધારો મામલતદાર કચેરી દ્વારા કરવામાં આવતો ન હોય ખેડૂતોને બેંક ધિરાણ મેળવવામાં કે પાક ધિરાણ મેળવવામાં ખૂબ તકલીફ પડતી હોવાથી જો ખેડૂતોનો ઇરાદો શુધ્ધ હોય તેવા કિસ્સામાં ૭/૧૨ ભાઇ, કુમાર કે જી. જેવા સામાન્ય શબ્દોમાં સુધારો કરવા બાબતની રજુઆત પરત્વે નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.

ગુજરાતી સાહિત્યના ભવ્ય વારસા અને વિરાસતને વિશ્વખ્યાતિ અપાવવામાં સાહિત્ય સર્જકોનું ઉલ્લેખનીય યોગદાનઃ મુખ્યમંત્રી

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા આયોજિત સમારોહમાં સાહિત્ય ગૌરવ પુરસ્કારો અર્પણ કરતા મુખ્યમંત્રી પટેલ

ગાંધીનગર, તા.૨૯

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે વર્ષ ૨૦૨૧-૨૨ના સાહિત્ય ગૌરવ પુરસ્કારોથી નવ જેટલા સાહિત્ય સર્જકોનું સન્માન કરતાં સ્પષ્ટ મત વ્યક્ત કર્યો હતો કે સાહિત્ય, સંસ્કૃતિ, કલા-કારીગરીના આપણા ભવ્ય વારસા અને વિરાસતને વિશ્વખ્યાતિ અપાવવામાં સાહિત્યસર્જકોનું ઉલ્લેખનીય પ્રદાન છે. આ સંદર્ભમાં તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશના અમૃતકાળમાં આપેલા પાંચ સંકલ્પમાંનો એક સંકલ્પ આપણી વિરાસત પર ગૌરવ કરવાનો છે. આ સંકલ્પ સાહિત્ય, સંસ્કૃતિ, કલાને રાજ્ય પુરસ્કૃત કરીને ગુજરાતમાં આપણે પાર પાડ્યો છે.

મુખ્યમંત્રીએ ગુજરાત સાહિત્ય અકાદમીના ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં વર્ષ ૨૦૨૧-૨૨ ના પુરસ્કારો લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકારો અને યુવા સાહિત્યકારોને અર્પણ કર્યા હતા. આ પુરસ્કારો અંતર્ગત હિન્દી, કચ્છી અને ગુજરાતી ભાષામાં સાહિત્ય સર્જન માટેના પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રીએ કહ્યું કે, સાહિત્ય એવી સંજીવની છે જે આપણા જીવનને ઊર્જા-ચેતનાથી ભરી દે છે. આજના બદલાતા સમયમાં યુવા પેઢીના નવતર-નૂતન વિચારોને ઝિલીને એને પ્રતિબિંબિત કરવાનું મહત્વનું કામ ગુજરાત સાહિત્ય અકાદમી કરે છે તે અભિનંદનીય છે એમ તેમણે ઉમેર્યું હતું. ભુપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાન નરેન્દ્રભાઈએ આપેલી એક ભારત-શ્રેષ્ઠ ભારતની સંકલ્પના સાહિત્યના માધ્યમથી સાકાર કરવાની પ્રેરણા આપી હતી. આ અંગે તેમણે જણાવ્યું કે, શ્રેષ્ઠ ગુજરાતી કૃતિઓનો હિન્દી-અંગ્રેજીમાં અને અન્ય ભાષાની સારી કૃતિઓનો ગુજરાતીમાં અનુવાદ કરીને આ સંકલ્પના સાકાર થઇ શકે તેમ છે. તેમણે સાહિત્ય અકાદમી માટે અત્યાધુનિક મેઘાણી અકાદમી ભવન આગામી સમયમાં સૌ સાહિત્યકારોની સેવામાં ખૂલું મુકવાની રાજ્ય સરકારની નેમ આ તકે દર્શાવી હતી. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી મૂળુભાઇ બેરા,બળવંત જાની, સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા, મહામાત્ર જયેન્દ્રસિંહ જાદવ તેમજ યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનર હર્ષદ પટેલ અને અગ્રગણ્ય સાહિત્યકારો, લેખકો, સાહિત્ય પ્રેમીઓ આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.